શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ

અંક ૫

# મૈત્રી

તંત્રી : ડૉ. એ. વી. પટેલ
સહતંત્રી : શ્રી એસ. એચ. પટેલ
શ્રી આર. કે. પટેલ



ઓગષ્ટ ૨૦૦૮





ઝંડા ઉંચા રહે હમારા

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સંતરામપુર જિ. પંચમહાલ

## પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું




વર્ષ : ૨
અંક : ૫


# મૈત્રી

## સામયિક


ઓગસ્ટ-
૨૦૦૮





### સંપાદન

તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ

### સંપાદક મંડળ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર


### લેખકોને :........

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઈચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

### સાંકળિયું


૧. પ્રસ્તાવના - શ્રી આર. ડી. વણકર ૧
૨. તંત્રીસ્થાનેથી - ડૉ. એ. વી. પટેલ ૨
૩. આપણુ ગુજરાત આગવુ - ડૉ. એ. વી. પટેલ ૩
૪. પરિપત્ર ૬
૫. સામાજિક અને - પરમાર રાજેન્દ્રકુમાર એમ. ૧૧
૬. સ્વસ્થ મન-સ્વસ્થ - શ્રી ભીખાભાઈ એન. માછી ૧૨
૭. "સફળતા માટે - અશોક પ. પ્રજાપતિ ૧૩
૮. ગુરૂપૂર્ણિમા આચાર્ય ૧૪
૯. "કેળવણીમાં માતૃભાષાનું - હરીશ જોષી ૧૫
૧૦. "કેળવે તે - પટેલ કિરણકુમાર એન. ૧૯
૧૧. "ગણિત ગમ્મત" - પટેલ કિરણકુમાર એન. ૨૦
૧૨. ગણિત શિક્ષણ - ડૉ. એ. વી. પટેલ ૨૧
૧૩. જાણવા જેવું - ડૉ. એ.વી. પટેલ ૨૩
૧૪. વસતીવૃદ્ધિ - ડીઆરયુ ૨૪


### ગુજરાતના ગૌરવવંતા સાહિત્યસર્જકો અને એમની કૃતિઓ

• હેમચંદ્રાચાર્ય : સિદ્ધહેમ, કાવ્યાનુશાસન • નરસિંહ મહેતા : (આદિ કવિ) : પદો, રાસસહસ્ત્રાપદી • અખો : અખેગીતા, અનુભવબિંદુ, છપ્પા • પ્રેમાનંદ : (મહાકવિ) : ઓખાહરણ, નળાખ્યાન, મામેરું સુદામાચરિત • શામળ : મદનમોહના, સિંહાસન બત્રીસી, સૂડા બહોતેરી વિ. પદ્યવાર્તાઓ • દયારામ : ગરબીઓ, રાજામિલાખ્યાન, પ્રેમસંગીતા, રસિકવલ્લભ • દલપતરામ : દલપતકાવ્ય, ફાર્બસવિરહ, મિથ્યાભિમાનનાટક, લક્ષ્મીનાટક ૦ નર્મદ : (અર્વાચીનોમાં આદ્ય) : નર્મગદ્ય, નર્મકવિતા, નર્મકોશ, મારી હકીકત. • નંદશંકર તુલજાશંકર મહેતા : કરણઘેલો. • નવલરામ : નવલ ગ્રંથાવલિ (ગદ્ય), ભટનું ભોપાળું (નાટક) • ગોવર્ધનરામ મા. ત્રિપાઠી : સરસ્વતીચંદ્ર (૧-૪), સ્નેહમુદ્રા. • મણિલાલ ન. ત્રિવેદી : આત્મનિમજ્જન, કાન્તા (નાટક), ગુલાબસિંહ (નવલ), મારું આત્મવૃત્તાન્ત. • નરસિંહરાવ દિવેટિયા : કુસુમમાળા, મનોમુકુર (૧-૪), સ્મરણ સંહિતા • મણિશંકર ર. ભટ્ટ ('કાન્ત') : પૂર્વાલાપ (કાવ્યસંગ્રહ), ગુરુ ગોવિંદસિંહ (નાટક), શિક્ષણનો લતિહાસ • રમણભાઈ નીલકંઠ : ભદ્રંભદ્ર, રાઈનો પર્વત, કવિતા અને સાહિત્ય (૧-૪)

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# પ્રસ્તાવના




*વ્હાલા ગુરૂજનો,*

શિક્ષક એ પ્રબુદ્ધ સમાજનો અગ્રહિસ્સો છે. શિક્ષક જ્ઞાનનો દાતા છે મૂલ્યો અને આદર્શોનો સંવર્ધક છે. આપણે હંમેશાં હકારાત્મક વિચારોના સ્વામી બનીયે, હડકાયા કૂતરા જેવા નકારાત્મક વિચારોને ત્યાગીએ, બાળકો પ્રત્યે સહાનુભૂતિ કેળવીયે. સહાનુભૂતિ બીજાઓનો પ્રેમ પામવાનો સર્વોત્તમ ઉપાય છે. અને આત્મસંતોષનું સર્વ સુલભ સાધન છે. જેની પાસે સામર્થ્ય હોવા છતાં હકારાત્મક કાર્યો કરતો નથી તે નિંદનીય બને છે.

આપણે કાચના મકાનમાં રહીને બીજાના ઘર પર પત્થર મારવાનો નથી. ભલાઈનો પુરસ્કાર પ્રાપ્ત કરીયે નહીં કે બુરાઈનો દંડ. જે પવનની જેમ વિચારોને બદલતો રહે છે તે કફન ખરીદીને જીવે છે. આપણે નીષ્ઠાપૂર્વક કાર્ય કરી આત્મસંતોષની ચાદર ઓઢીને સુવુ છે.

શિક્ષકદિને દેશના મહાન રાષ્ટ્રપતિ પણ શિક્ષકને આદરભાવે વંદીને એવોર્ડથી નવાજે છે તેનાથી વધુ સુખની પળો શિક્ષક માટે બીજી કઈ હોઈ શકે ? આપણે પવિત્ર એવો ગૌરવભર્યો વ્યવસાય સ્વીકાર્યો છે, ત્યારે સમાજ આપણી કદર કરે ક્યાંય આપણી ઉપર કાદવ ન ઉછાળે તેવાં સંસ્કારસભર મૂલ્યલક્ષી કાર્યો કરી બાળકોને ભારતના સારા નાગરિક તરીકે તૈયાર કરીયે.

નિરોગી બાળવર્ષની ઉજવણી અને સાથે સાથે સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ અંતર્ગત આપણે અને આપણા બાળકો એક-એક સારો સંકલ્પ કરીયે અને તે પૂર્ણ કરવાનો પ્રયત્ન કરીએ. બાળરમતોત્સવ અને વિજ્ઞાનમેળાની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરીએ અને આપણા બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ કેળવી તેને અંધશ્રદ્ધા અને વહેમો, ઢોંગી ધુતારાઓની ભરમાળમાંથી બચાવીયે. ''મૈત્રી''ની સાથે મૈત્રી કરીએ અને તેનુ વાચન, મનન અને ચિંતન કરી વર્ગખંડમાં તેનુ અમલીકરણ કરીએ.

**આર. ડી. વણકર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# તંત્રી સ્થાનેથી



સહપંથી મિત્રો,

રાષ્ટ્રીય અને ધાર્મિક તહેવારોની ઉજવણી આપણે આનંદ અને ઉલ્લાસથી કરી અને વળી પાછા શિક્ષણકાર્યમાં જોતરાઈ ગયા. શિક્ષણ એ બાળકના ચિત્તમાં માહિતી ઘૂસાડવાનો પ્રબંધ નથી પણ માણસના ચિત્તમાં માણસ સરે અને એક સંવેદનશીલ મનુષ્ય નિપજાવે તેનો એ પ્રબંધ છે. આદર્શોને માત્ર ઇતિહાસ વાંચવાથી માણસ કદી બદલાતો નથી આદર્શ થઈ અન્યોને આદર્શ બનાવે તે સાચો શિક્ષક છે. આપણે સમસ્યાઓનું કારણ બનવું નથી આપણે તો સમસ્યાઓનું નિવારણ બનવું છે.

શિક્ષણની ભક્તિમાં ગળાડૂબ એવા "Highest Embodiment of Love and Light સારસ્વતો આપણી સમસ્યાઓનું Ultimate Solution can do attitude છે આપણી સમસ્યાઓને impossible શબ્દથી નવાજવી નથી પરંતુ Im-Possible થી ઉજાગર કરવી છે. શિક્ષણની લઘુ યુર્નિવર્સિટી સમાન ડાયટ Co-Operation and determination ની ભાવના જગાડી શક્યું છે. અમે integrated Personatity development માટેની ધૂણી ધખાવીને બેઠા છીએ. કમીટેડ એવા પૂર્ણ સમયના વર્ક એથીકના સિદ્ધાંતને વરેલા ટકોરાબદ્ધ અને પ્રતિબદ્ધ શિક્ષકો તૈયાર કરવા એ અમારી નેમ છે.

કેટલાક મિત્રોના ''મૈત્રી'' અંક ન મળવાના કે ખોવાઈ જવાના ફોન મને મળે છે મિત્રો આજના હાઈટેક કમ્પ્યુટર યુગમાં આપણે ક્યાંય પાછળ નથી. આપ છેલ્લા ટાઈટલ પેઈઝ ઉર આપેલ અમારી વેબસાઈટ ઉપરથી જે-તે વર્ષના તમામ મૈત્રી અંકો ઓનલાઈન વાંચી શકો છો. ડાયેટ દ્વારા અત્યાર સુધી પ્રકાશીત થયેલ સાહિત્ય અથવા ડાયટ અંગેની કોઈપણ માહિતી તમો અમારી વેબ-સાઈટ ઉપર જોઈ શકો છો. આપ આપના લેખ કે મૂંઝવતા પ્રશ્નો અમને E-mail થી પણ મોકલી શકો છો. મિત્રો કદાચ ગુજરાતમાં આ પહેલી ઘટના હશે કે ડાયટનું મેગેઝીન ઓનલાઈન વેબસાઈટ ઉપર વાંચવા મળે. સમગ્ર વિશ્વનો કોઈપણ માણસ કોઈપણ જગ્યાએથી આપણું મૈત્રી મેગેઝીન વાંચી શકશે.

આ બધુ આપના માટે અને નાના બાળદેવો માટે કંઈક કરી છૂટવાની ભાવનામાંથી જ શક્ય બન્યું છે. આવો આપણે સૌ સાથે મળી નાના બાળદેવોની શૈક્ષણિક ગુણવત્તાનું સર્વવ્યાપીકરણ કરી આપણા શિક્ષક તરીકેના જીવનને કૃતાર્થ કરીએ.

**ડો. એ. વી. પટેલ**
**તંત્રી ''મૈત્રી''**
**ડાયટ, સંતરામપુર**

# આપણુ ગુજરાત આગવુ ગુજરાત

સંકલન : ડૉ. એ. વી. પટેલ
તંત્રી "મૈત્રી"

## મુખ્ય નદીઓ

અંબિકા, કીમ, દમણગંગા (દ. ગુજરાત), આજી ભાદર (રાજકોટ), ભોગાવો, ઓઝત (સુરેન્દ્રનગર), વિશ્વામૈત્રી, મહી, ઓરસંગ (વડોદરા), ઢાઢર, નર્મદા (ભરૂચ), તાપી (સુરત), પાનમ (પંચમહાલ) પૂર્ણા (નવસારી), બનાસા (બનાસકાંઠા), સાબરમતી (અમદાવાદ), મચ્છુ (મોરબી), મેશ્વો, વાત્રક, હાથમતી (સાબરકાંઠા), શેત્રુંજી (ભાવનગર), સરસ્વતી (મહેસાણા), શેઢી (ખેડા)

## તીર્થધામ

અંબાજી (બનાસકાંઠા), ચાંદોદ, કાયાવરોહણ, નારેશ્વર (વડોદરા), દ્વારકા (જામનગર), પાવાગઢ (પંચમહાલ), નારાયણ સરોવર, કોટેશ્વર (કચ્છ), શામળાજી, ખેડબ્રહ્મા (સાબરકાંઠા), વડતાલ, ડાકોર (ખેડા), કબીરવડ (ભરૂચ), વીરપુર (રાજકોટ), તુલસીશ્યામ, સતાધાર, સોમનાથ (જૂનાગઢ), પાલિતાણા, ગઢડા (ભાવનગર), ગાંધીનગર (ગાંધીનગર), તાબંગા, બહુચરાજી, મહુડી, શંખલેશ્વર, દેસમાલા, મીરા દાતાર, શેલાપી (મહેસાણા), ઉદવાડા, સંજાણ (વલસાડ)

## વિહાર સ્થળ

ચોરવાડ, સાસણ-ગીર (જૂનાગઢ), ઉભરાટ તીથલ (વલસાડ), નળસરોવર (અમદાવાદ), બાલારામ (બનાસકાંઠા), શુક્લતીર્થ (ભરૂચ), સાપુતારા (ડાંગ), મહુવા (ભાવનગર), ડુમસ (સુરત), ગળતેશ્વર (સાબરકાંઠા)

## સરોવર

નળ સરોવર (અમદાવાદ), નારાયણ સરોવર (કચ્છ), સરદાર સરોવર (ભરૂચ), સહસ્રલિંગ (પાટણ), હમીરસર (ભૂજ)

## અભયારણ્ય અને રાષ્ટ્રિય ઉદ્યાન

ગીર (જૂનાગઢ) સિંહ, ડેડિયાપાડા (રાજપીપળા) રીંછ, વાંસદા (વલસાડ) દીપડા, વેળાવદર (ભાવનગર) કાળિયાર, ખીજડિયા (જામનગર) પક્ષી, નારાયણ સરોવર (કચ્છ)-ચીંકારા, ઈકબાલગઢ (બનાસકાંઠા),-બીંછ, કચ્છનું રણ (કચ્છ)-વંગલી ગધેડા, નળ સરોવર (અમદાવાદ)-વિદેશી પક્ષીઓ, કચ્છ-સુરખાબ પક્ષીઓ, પીરોટનટાપુઓ (જામનગર પાસે)-દરિયાઈ જીવો, પીપલોદ પાસે (પંચમહાલ)-રીંછ, બરડો-સિંહ, બાબચા પાસે (પંચમહાલ)-રીંછ.

## જોવાલાયક સ્થળ

અશોકનો શીલાલેખ : દયા, ધર્મ અને શાંતીનો ઉપદેશ આપતો સમ્રાટ અશોકનો શિલાલેખ ગિરનારની તળેટીમાં આવેલો છે.

અડાલજની વાવ : ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામની આ વાવ અતિ સુંદર સ્થાપત્ય.

સાબરમતી આશ્રમ : ગાંધીજીએ સ્થાપના કરી, ગાંધીજીના સિદ્ધાંત પ્રમાણેની પ્રવૃત્તિઓ. (અમદાવાદ)

હૃદયકુંજ : સાબરમતી આશ્રમમાં આવેલું પૂ. ગાંધીજીનું નિવાસસ્થાન

સીદી સૈયદની જાળી : અમદાવાદમાં મોગલ સ્થાપત્યના પ્રતીકરૂપે પથ્થરમાં કંડારેલ સુંદર કોતરકામવાળી જાળી.

ત્રણ દરવાજા : સ્થાપત્યનો નમૂનો

ઝુલતા મિનારા : એક મિનારો હલાવવાથી બીજો હલે છે. (અમદાવાદ)

જામા મસ્જિદ : મોગલ બાદશાહ અહમદશાહે બંધાવી છે. (અમદાવાદ)

દાદા હરીની વાવ : ઘણા જૂના સમયની વાવ, 'સ્થાપત્યનો નમૂનો (અમદાવાદ)

અહમદપૂર માંડવી : દીવ પાસેનું જૂનાગઢ જિલ્લાનું નવું સમુદ્રી પર્યટન ધામ

કીર્તિમંદિર : પોરબંદરમાં ગાંધીજીના જન્મસ્થળે બંધાયેલ સ્મારક

કુંભારિયા દહેરા : અંબાજી પાસે વિમલ શાહે બંધાવેલા દહેરાં

મલાવ તળાવ : ધોળકામાં મીનળદેવીએ બંધાવેલું તળાવ

રુદ્રમહાલય : સિદ્ધપુરમાં મૂળરાજ સોલંકીએ બંધાવેલી શિલ્પસ્થાપત્યના નમૂનારૂપી ઈમારત.

લોથલ : હડપ્પા સંસ્કૃતિને સંપૂર્ણપણે મળતા અવશેષો, અમદાવાદ જિલ્લાના સરગવાળા ગામની સીમના આ ટેકરામાંથી મળીઆવ્યા છે.

સહસ્ત્રલિંગ તળાવ : પાટણમાં સિદ્ધરાજ જયસિંહે બંધાવેલ ઉત્કૃષ્ટ સ્થાપત્ય ધરાવતું તળાવ.

સૂર્ય મંદિર : ચાણસ્મા તાલુકાના મોઢેરા ગામના આ મંદિરના અવશેષો ઉત્કૃષ્ટ સ્થાપત્ય કળાનું પ્રતીક છે.

હઠીસિંગના દેહરાં : અમદાવાદમાં, આવેલ ઉચ્ચ કક્ષાની શિલ્પવાળું જૈન મંદિર.

નળસરોવર : ગુજરાતના ભાલકાંઠા પ્રદેશમાં આવેલા આ સરોવરમાં દેશ વિદેશના પક્ષીઓ શિયાળામાં જોવા મળે છે.

રાણકી વાવ : પાટણ સહસ્ત્રલિંગ તળાવની પાસે આવેલી ઉત્કૃષ્ટ શિલ્પ ધરાવતી વાવ.

કાયાવરોહણ : જૈન મંદિર, વડોદરા જિલ્લામાં.

નારેશ્વર : શ્રી રંગ અવધૂતનો આશ્રમ.

કબીરવડ : કહેવાય છે કે સંત કબીરે દાતણ ફેંક્યું અને તેમાંથી મહાકાય વટ વૃક્ષ થયું.ભરૂચ જિલ્લામાં શુક્તતીર્થ પાસે.

તેનતલાવ : મીનળ દેવીએ બંધાવ્યું. ડભોઈ તાલુકામાં.

હીરા ભાગોળ : હીરા સલાટે ડભોઈમાં બાંધેલ દરવાજો-સ્થાપત્યનો ઉત્તમ નમૂનો.

ચાંદોદ : જાણીતું તીર્થધામ

તરણેતરનો કુંડ : ચોટીલા પાસે, જ્યાં દર વર્ષે જાણીતો મેળો ભરાય છે.

દામોદર કુંડ : જૂનાગઢમાં, નરસિંહ મહેતા દરરોજ ત્યાં નાહવા જતા.

તુલસીશ્યામ : જૂનાગઢ પાસેનું યાત્રાધામ. અહીં તુલસીના અનેક છોડ છે. ગરમ પાણીના ઝરા છે.

સોમનાથ મંદિર : પ્રાચીન મંદિર છે. મહંમદ ગઝનીએ તેના પર ચડાઈ કરી હતી. ક.મા. મુનશીએ તેનો પુનરોદ્ધાર કરાવેલ. જૂનાગઢ જિલ્લામાં પ્રભાસ પાટણ શહેરમાં આવેલ છે.

અંજાર : કચ્છનું જાણીતું શહેર છે. ત્યાં જોવાલાયક સ્થળો છે.

પી.આર.એલ. **(PRL)** : અમદાવાદની ફિઝીકલ રીસર્ચ લેબોરેટરી, જ્યાં ભૌતિકશાસ્ત્ર અને અવકાશ વિજ્ઞાનના સંશોધનો થાય છે.

**CSMCRI** : CSIR નવી દિલ્હીની ભાવનગર ખાતે આવેલ આ કેન્દ્રીય લેબોરેટરીમાં મીઠું તથા મરીન કેમિકલ્સ અંગે સંશોધન થાય છે.

## ગુજરાતમાં સૌથી પ્રથમ

અંગ્રેજી શાળા : ૧૮૪૬ (અમદાવાદ)

કન્યા શાળા : ૧૮૪૮ (અમદાવાદ)

ગુજરાતી શાળા : ૧૮૨૬ (અમદાવાદ)

યુનિવર્સિટી : ૧૯૪૮ (અમદાવાદ)

આયુર્વેદ યુનિવર્સિટી : ૧૯૬૮ (જામનગર)

કૃષિ યુનિવર્સિટી : ૧૯૭૩ (દાંતીવાડા)

ડૉ. આંબેડકર ઓપન યુનિ : ૧૯૯૫ (અમદાવાદ)

કૉલેજો : (૧) ગુજરાત કૉલેજ-૧૮૭૮ (અમદાવાદ) (૨) એલ.એ. શાહ લૉ કૉલેજ-૧૯૨૭ (અમદાવાદ) (૨) એલ.એ. શાહ લૉ કૉલેજ-૧૯૨૭ (અમદાવાદ) (૩) એચ.એલ. કોમર્સ કૉલેજ-૧૯૩૭ (અમદાવાદ)

વર્તમાન પત્ર : (૧) 'મુંબઈ સમાચાર'-૧૮૨૨ (મુંબઈ) (૨) 'વર્તમાન'-૧૮૪૯ (અમદાવાદ)

ગુજરાતી સામયિક : 'બુદ્ધિ પ્રકાશ'-૧૮૫૦ (અમદાવાદ)

સ્ત્રી-સામયિક : સ્ત્રીબોધ-૧૮૫૭ (અમદાવાદ)

પુસ્તકાલય : ૧૮૨૪ (સુરત)

રેલવે : ઉતરાણ-અંકલેશ્વર (૧૮૫૫)

શબ્દકોષ : નર્મદ લેખિત નર્મકોશ-૧૮૭૩

સંગ્રહ સ્થાન : ૧૮૯૪ (વડોદરા)

દવાની ફેક્ટરી : ૧૯૦૫ (વડોદરા)

ચલચિત્ર : 'નરસિંહ મહેતા' - ૧૯૩૨

પંચાયતી રાજ્ય : ૧-૪-૧૯૬૩

કાપડમિલ : ૧૮૬૧ (અમદાવાદ)

ટેલિવિઝિન સ્ટેશન : ૧૯૭૫ (પીજ, જિ. ખેડા)

## ગુજરાતમાં સૌથી મોટું

વિસ્તારમાં મોટો જિલ્લો : કચ્છ, ૪૫, ૬૫૨ ચો.કિ.મી.

વસતીમાં મોટો જિલ્લો : અમદાવાદ, ૪૮, ૦૧, ૮૧૨ ('૯૧)

લાંબો પુલ : નર્મદા નદી, ભરૂચ

પહોળો પુલ : નેહરૂ પુલ (૨૪ મીટર), અમદાવાદ

મોટો પ્રાણીબાગ : પ્રાણીબાગ, કાંકરીયા, અમદાવાદ

મોટો બંધ : સૂચિત નર્મદા બંધ

મોટો મહેલ : લક્ષ્મી વિલાસ પેલેસ, વડોદરા

મોટો મેળો : વૌઠાનો (જિ. અમદાવાદ)

મોટો વનસ્પતિ ઉદ્યાન : વઘઈનો જિ. ડાંગ (૨૪ હેક્ટર)

મોટી ઔદ્યોગિક વસાહત : અંકલેશ્વર

મોટી ડેરી : અમૂલ ડેરી (આણંદ)

મોટી નદી : નર્મદા

મોટી ઔદ્યોગિક સંસ્થા : રિલાયન્સ, નિરમા

મોટી યુનિવર્સિટી : ગુજરાત

મોટી યોજના : નર્મદા યોજના

મોટી હોસ્પિટલ : સિવિલ, અમદાવાદ

મોટું ખાતરનું કારખાનું : ગુજરાત નર્મદા ફર્ટિલાઈઝર, ભરૂચ

મોટું ખેત ઉત્પન્ન બજાર : ઉંઝા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા

મોટું બંદર : કંડલા (જિ. કચ્છ)

મોટું રેલવે સ્ટેશન : અમદાવાદ

મોટું વિમાની મથક : અમદાવાદ

વસતીમાં મોટું શહેર : અમદાવાદ, ૨૯, ૩૦, ૬૭૦ (૧૯૯૧)

મોટું સરોવર : નળ સરોવર (૧૮૬ ચો.કિ.મી.)

મોટું સંગ્રહસ્થાન : વડોદરા મ્યુઝિયમ

મોટું ગ્રંથાલય : સેન્ટ્રલ લાઈબ્રેરી, વડોદરા

લાંબો દરિયાકાંઠો : જામનગર જિલ્લાનો ૩૫૪ કિ.મી.

લાંબી નદી : સાબરમતી (૩૨૦ કિમી.)

ઊંચુ પર્વત-શિખર : ગોરખનાથ, ગિરનાર (૧, ૧૧૭ મીટર)

ઊંચો બંધ : નર્મદા પર, સૂચીત ઊંચાઈ ૪૫૫ ફૂટ (૧૩૯ મીટર)

સૌથી વધુ મંદીરોનું નગર : પાલિતાણા

સૌથી વધુ ફેલાવો (દૈનિક) : ગુજરાત સમાચાર

સૌથી વધુ ફેલાવો (સામાયિક) : ચિત્રલેખા

## પહેલા ગુજરાતી

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક : રણજિતરામ મહેતા (૧૯૦૫)

મહિલા સ્નાતક : વિદ્યાગૌરી નિલકંઠ, શારદાબેન મહેતા (૧૯૦૪)

જ્ઞાનપીઠ એવોર્ડ : ઉમાશંકર જોષી (૧૯૬૭)

મેગ્સેસે એવોર્ડ : ઈલાબહેન ભટ્ટ (૧૯૭૭)

મિલ શરૂ કરનાર : રણછોડલાલ રેંટિયાવાળા (૧૮૬૧)

અનાથાશ્રમના સ્થાપક : મહીપતરામ (૧૮૯૨)

લોકસભાના અધ્યક્ષ : વાસુદેવ ગણેશ માવલંકર (૧૯૪૭)

રાજ્યપાલ : મંગળદાસ પકવાસા (૧૯૪૭), મધ્યપ્રદેશ

સર્વોચ્ચ ન્યાયમૂર્તિ : હરિલાલ કણિયા (૧૯૪૭)

નાયબ વડાપ્રધાન : સરદાર વલ્લભભાઈ પટેલ (૧૯૪૭)

મુખ્ય પ્રધાન, ગુજરાત : ડૉ. જીવરાજ મહેતા (૧૯૬૦)

વડાપ્રધાન : મોરારજી દેસાઈ (૧૯૭૭)

ક્રમાંક : જીસીઈઆરટી/સી. & ઈ./૦૮/૧૪૩૪૫-૪૦૫
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૧
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ gcert_21@yahoo.com
web : www.gcert.org
તારીખ : ૨-૮-૨૦૦૮

# પરિપત્ર

વિષય : પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટેનો રમતોત્સવ ૨૦૦૮-૦૯

ઉક્ત વિષયે જણાવવાનું કે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના એક ભાગરૂપે જીસીઈઆરટી, ગાંધીનગર વિવિધ સ્તરના રમતોત્સવોનું આયોજન કરવામાં આવે છે. ૨૦૦૮-૦૯ના વર્ષમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા પ્રાથમિક શાળાના બાળકો માટે સી.આર.સી. કક્ષાથી બી.આર.સી., જિલ્લા, ઝોન અને રાજ્યકક્ષા સુધીના રમતોત્સવ યોજવાના થાય છે. રમતોત્સવો દરમિયાન એકસૂત્રતા રહે અને બાળકો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા યોજાય તે હેતુથી અત્રે કેટલાક નિયમો અને રમતોની સૂચિ આપવામાં આવ્યા છે આ રમતો અને નિયમોનું પાલન દરેક ખેલાડી, કોચ અને મેનેજરે કરવાનું રહેશે.

૧. દરેક જિલ્લા અને શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા જિલ્લા કક્ષા સુધીના રમતોત્સવ ૨૦, નવેમ્બર , ૨૦૦૮ સુધીમાં, ઝોન કક્ષાના રમતોત્સવ ડિસેમ્બર ૨૦૦૮ના પ્રથમ સપ્તાહમાં જ્યારે રાજ્યકક્ષાના રમતોત્સવ જાન્યુઆરીના બીજા સપ્તાહ સુધીમાં પુરા કરવાના રહેશે.

૨. રમતોત્સવમાં ભાગ લેનાર બાળકની ઉંમર ૨૮મી ફેબ્રુઆરી-૨૦૦૯ સુધીમાં ૧૪ વર્ષથી વધુ હોવી જોઈશે નહિ.

૩. ઓળખ કાર્ડ ફરજીયાત લાવવાનું રહેશે.

૪. રમતોત્સવમાં સી.આર.સી. કક્ષાએ પ્રથમ આવનાર બી.આર.સી. કક્ષાએ, બી.આર.સી.માં પ્રથમ આવનાર જિલ્લા કક્ષાએ, જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર ઝોન કક્ષાએ અને ઝોન કક્ષાએ પ્રથમ આવનાર ખેલાડીએ રાજ્ય કક્ષા સુધી ફરજિયાત ભાગ લેવાનો રહેશે.

૫. તમામ કક્ષાના રમતોત્સવ વખતે કન્યાઓની ટીમ સાથે મેનેજર તરીકે એક શિક્ષિકા બહેન અને કુમારોની ટીમ સાથે એક શિક્ષક ભાઈએ આવવાનું રહેશે.

૬. ઝોન કક્ષાના રમતાત્સવમાં દરેક જિલ્લાએ પોતાના જિલ્લાના નામ વાળું જ્યારે રાજ્યકક્ષાના રમતોત્સવમાં જે તે ઝોનના નામ વાળું ૩ x ૨ ચોરસ ફૂટનું રંગીન બેનર લાવવાનું રહેશે.

૭. ઝોન અને રાજ્ય રમતોત્સવમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને માર્ચ પાસ્ટની તાલીમ જિલ્લા મથકે અવશ્ય આપવી.

૮. સ્પર્ધામાં એક ખેલાડી બે રમતમાં ભાગ લઈ શકશે. પરંતુ વ્યક્તિગત રમતમાં ભાગ લેનાર સાંઘિક રમતમાં અને સાંઘિક રમતમાં ભાગ લેનાર વ્યક્તિગત રમતમાં ભાગ લઈ શકશે નહિ જેની ખાસ નોંધ લેવી.

૯. સાંઘિક રમતોમાં રમતોત્સવના દરેક સ્તરે પ્રથમ વિજેતા ટીમે જ આગળના રમતોત્સવમાં ભાગ લેવાનો રહેશે. જેથી ખેલાડીઓની પસંદગી કરવાની રહેશે નહીં.

૧૦. રમતમાં ભાગ લેનાર શિક્ષક ભાઈ-બહેનોને ટી.એ.ડી.એ. ચૂકવવામાં આવશે નહિ.
૧૧. રમતોત્સવ દરમિયાનના કોઈપણ વિવાદ/તકરાર માટે જીસીઈઆરટી/ડાયેટ દ્વારા રચાયેલી કોર લવાદ કમિટીનો નિર્ણય આખરી ગણાશે. જે માટે રૂ. ૨૦૦-૦૦ની ફી ભરી લેખિતમાં ફરિયાદ આપવાની રહેશે. જમા રહેલ ફી ની રકમનો ઉપયોગ વિદ્યાર્થી હિત માટે કરવાનો રહેશે.
૧૨. ડાયેટના વ્યાયામના અધ્યાપકોએ ઝોન અને રાજ્યકક્ષાના રમતોત્સવમાં પંચકાર્યની કામગીરીમાં જોડાવાનું રહેશે.
૧૩. યોગમાં ભાગ લેનાર ખેલાડીએ રમતોમાં દર્શાવેલ બધાજ આસનો કરવાનાં રહેશે.
૧૪. મ્યુન્સિપલ કોર્પોરેશનો આંતર મ્યુન્સિપલ કોર્પોરેશન રમતોત્સવ યોજવાના ન હોય તો જ ડાયેટ દ્વારા રમતોત્સવ યોજવાના રહેશે. (સંબંધિત જિલ્લાઓ માટે)
૧૫. સમગ્ર રમતોત્સવનું સંકલન અને સી.આર.સી. કક્ષાથી જિલ્લા કક્ષાના રમતોત્સવો માટે જરૂરી પત્ર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવને કરવાના રહેશે.
૧૬. તમામ સ્તરે રમતોત્સવની એન્ટ્રી અને પરિણામ અંગેની કામગીરી નીચે મુજબના ફોરમેટમાં ફરજિયાતપણે કરવાની રહેશે.

## રજીસ્ટ્રેશન ફોરમેટ

| ક્રમ | રમતનું નામ | ખેલાડીનું નામ (જનરલ રજિસ્ટર મુજબ) | સંસ્થાનું નામ | જી.આર. નંબર | જન્મ તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |

## પરિણામપત્રક ફોરમેટ

| ક્રમ | રમતનું નામ | ચેસ્ટ નંબર | ખેલાડીનું નામ (જનરલ રજિસ્ટર મુજબ) | વિજેતા ક્રમ | આંક | સંસ્થાનું નામ | સર્ટી નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

૧૭. દરેક તબક્કાના રમતોત્સવ પૂર્ણ થયેથી પ્રથમક્રમે વિજેતા થયેલ ખેલાડીની એન્ટ્રી આગળના રમતોત્સવનું આયોજન કરનાર સંસ્થાને પ્રાચાર્યશ્રીની સહીથી સંપૂર્ણ વિગતો સાથે રજીસ્ટ્રેશન ફોરમેટના નમૂના મુજબ મોકલી આપવાની રહેશે.
૧૮. જે તે શાળાના આચાર્યના સહી સિક્કાવાળું ખેલાડીનું ઓળખ પત્ર ક્રમશઃ આગળના રમતોત્સવમાં રજીસ્ટ્રેશન સમયે ફરજિયાત આપવાનું રહેશે.
૧૯. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને રમતોત્સવ માટેની ગ્રાંટની ફાળવણી થયેથી જરૂરી સંકલન કરી જિલ્લા કક્ષા સુધીના રમતોત્સવોનું આયોજન કરવાનું રહેશે.
૨૦. ઝોન કક્ષાના રમતોત્સવ માટે નીચે મુજબના ઝોન રહેશે.

| ઝોન | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લા |
|---|---|
| રાજકોટ | ભાવનગર, અમરેલી, રાજકોટ, જૂનાગઢ, જામનગર, પોરબંદર |
| અમદાવાદ | અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ (શહેર), સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા. |
| મહેસાણા | મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, ભૂજ. |
| વડોદરા | નર્મદા, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદ. |
| સુરત | સુરત, વલસાડ, નવસારી, ડાંગ, ભરૂચ. (તાપી) |

૨૧. ઝોનકક્ષાના રમતોત્સવનું આયોજન કરનાર જિલ્લાએ ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓના પ્રાચાર્યશ્રીઓ સાથે સંકલન કરી રમતોત્સવની કામગીરી સંભાળતા અધ્યાપકો સાથે ઝોનકક્ષાના રમતોત્સવના ૭ દિવસ પહેલા આયોજન બેઠક યોજવાની રહેશે.

**પ્રાથમિક શાળાના વિદ્યાર્થી માટે રમતોની યાદી**

| ક્રમ | કુમાર | સંખ્યા | ક્રમ | કન્યા | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | કબડ્ડી સાંઘીક | ૭ + ૫ = ૧૨ | ૧ | ખો ખો સાંઘીક | ૯ + ૩ = ૧૨ |
| ૨ | લાંબી કૂદ | ૦૧ | ૨ | લાંબી કૂદ | ૦૧ |
| ૩ | ગોળા ફેંક (૮ રતલી) | ૦૧ | ૩ | ગોળા ફેંક (૮ રતલી) | ૦૧ |
| ૪ | ૧૦૦ મીટર દોડ | ૦૧ | ૪ | ૧૦૦ મીટર દોડ | ૦૧ |
| ૫ | યોગ જેમાં, | ૦૧ | ૫ | યોગ જેમાં, | ૦૧ |
| | - હસ્ત પાદાસન, - ચક્રાસન,<br>- ધનુરાસન - સર્વાંગાસન | | | - હસ્ત પાદાસન, - ચક્રાસન,<br>- ધનુરાસન - સર્વાંગાસન | |
| | | ૧૬ | | | ૧૬ |

**પ્રાથમિક શિક્ષકો માટે રમતોની યાદી**

| ક્રમ | ભાઈઓ | સંખ્યા | ક્રમ | બહેનો | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ગોળા ફેંક (૧૨ રતલી) | ૦૧ | ૧ | ગોળા ફેંક (૮ રતલી) | ૦૧ |
| ૨ | ૧૦૦ મીટર દોડ | ૦૧ | ૨ | ૧૦૦ મીટર દોડ | ૦૧ |
| ૩ | લાંબી કૂદ | ૦૧ | ૩ | ચક્રફેંક | ૦૧ |
| ૪ | યોગ જેમાં, | ૦૧ | ૪ | યોગ જેમાં, | ૦ |
| | - હસ્ત પાદાસન,<br>- ચક્રાસન, - મયૂરાસર | | | - હસ્ત પાદાસન,<br>- ચક્રાસન, - ધનુરાસન | |
| | કુલ | ૦૪ | | કુલ | ૦૪ |

સચિવ,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

★ પ્રતિ :

૧. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨, ગાંધીનગર. (જાણ સારૂ)
૨. પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
૩. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (ડાયેટ મારફતે)
૪. શાસનાધિકારીશ્રી મ્યુન્સિપલ કોર્પોરેશન અને નગરપાલિકા તમામ. (ડાયેટ મારફતે)

# ઓળખપત્ર

| |
|---|
| ખેલાડીનો ફોટો શાળાના આચાર્યના સહી સિક્કા સાથે |

જિલ્લો :-

રાજ્ય :-

રમતનું નામ :-

શાળાનું નામ :-

૧. ખેલાડીનું પૂરૂં નામ (જનરલ રજિસ્ટર મુજબ) : ..............................................................

૨. પિતાનું પૂરૂ નામ : ..............................................................................................

૩. ખેલાડીની જન્મ તારીખ : .........................................................................................

વર્ષ....................માસ....................દિવસ........................

૪. વય પત્ર નંબર ......................................................................................................

૫. શાળામાં દાખલ થતી વખતે ધોરણ :- ................. ચાલુ વર્ષનું ધોરણ : .................

૬. શાળામાં દાખલ તારીખ ..........................................................................

૭. ખેલાડીના શરીર પરની બે નિશાનીઓ

(૧) ................................................. (૨) ..................................................

૮. ખેલાડીના ઘરનું સરનામું : ......................................................................................

...........................................................................................................................

ફોન નંબર (એસટીડી સાથે) :મોબાઈલ નંબર (વાલીનો) :

ખેલાડીની સહી : ...........................................

ઉપરોક્ત માહિતીની શાળા રેકર્ડ પરથી ખરાઈ કરીને આ ઓળખપત્ર સાથે પ્રમાણપત્ર આપવામાં આવે છે કે તા. ૨૮-૨-૨૦૦૯ના રોજ ............................................ ની ઉંમર ૧૪ વર્ષથી વધુ થતી નથી.

આચાર્ય

......................

સહી-સિક્કો

ડાયટ / વિજ્ઞાન એકમ / ૭૧૨-૭૩૬
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સંતરામપુર
તા. ૧-૯-૦૮

# પરિપત્ર

પ્રતિ, તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી તમામ,
બી.આર.સી.સી. તમામ,
સી.આર.સી.સી. તમામ

## વિષય : વિજ્ઞાન-ગણિત પ્રદર્શન ૨૦૦૮ બાબત

સંદર્ભ : જીસીઈઆર.ટી. / વિજ્ઞાન / ૦૮ / ૧૫૦૦૭-૦૩૭ તા. ૧૪-૮-૦૮

મહાશય,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં લખી જણાવવાનું કે ચાલુ સાલે રાજ્ય કક્ષાએથી વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનો મુખ્ય વિષય "વિશ્વના અસ્તિત્વને ટકાવી રાખવા માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી છે." જેને ૦૫ પેટા વિભાગમાં વિભાજિત કરેલ છે. જેનો વિગતવાર પરિપત્ર "જીવનશિક્ષણ" અંક માહે ઓગસ્ટમાં સામેલ છે.

| ક્રમ | વિજ્ઞાન-ગણિત પ્રદર્શનનું નામ | વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજવાની તારીખ | અનુદાનિત (રકમ (રૂ.માં) | આયોજક |
|---|---|---|---|---|
| ૧ | સી.આર.સી. કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન | તારીખ ૨૨-૦૯-૦૮ દિન-૧ | સી.આર.સી. દીઠ ફીક્સ ૫૦૦ રૂ. + શાળાદીઠ ૬૦ રૂ. | સી.આર.સી.સી. તથા પગારકેન્દ્ર મુખ્ય શિક્ષકશ્રી |
| ૨ | તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન (BRC લેવલ) | તારીખ ૨૯-૯-૦૮ થી ૩૦-૯-૦૮ દીન-૨ | તાલુકાદીઠ ફીક્સ રૂ. ૨,૫,૦૦૦/- + સીઆરસી દીઠ રૂ. ૭૦૦/- | તાલુકા કેળવણી નિરીક્ષક શ્રી તથા બી.આર.સી.સી. |

સંબંધિત વિજ્ઞાન-ગણિત પ્રદર્શનની અનુદાનિત રકમ રાજ્ય કક્ષાએથી ફાળવેલી રકમ મુજબ ટુંક સમયમાં ડાયટ તરફથી ચુકવવામાં આવશે.

પ્રાચાર્ય
જિ. શિ. અને તા. ભવન
સંતરામપુર

સવિનય નકલ રવાના
૧. મા. નિયામકશ્રી જીસીઈઆરટી ગાંધીનગર
૨. મા. રીડર શ્રી ગણિત-વિજ્ઞાન એકમ, ગાંધીનગર
૩. મા. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી SSAM કચેરી, ગાંધીનગર

# સામાજિક અને શૈક્ષણિક સમસ્યા, વસ્તી વિસ્ફોટ

પરમાર રાજેન્દ્રકુમાર મુળજીભાઈ
આ.શિ. પઢિયાર પ્રા. શાળા
તા. ગોધરા, જિ. પંચમહાલ

***"ગગનમાં લાખ તારા છે છતાંય તેજમાં અંધારા છે."***
***એક પૂનમનો ચાંદ જુઓ, તો ભર્યોભર્યો સંસાર માંહે"***

ભારતની એક અબજની વસ્તી એક બાળકીના જન્મ સાથે થઈ અને ત્યારે બાળકીનું નામ "મિલેનીયમબેલી" રાખવામાં આવ્યું હતું. ચીન પછી વસ્તીમાં બીજા નંબરનું સ્થાન ધરાવનાર ભારત માટે ખરેખર વસ્તીવધારો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓ તરફ દોરી જાય છે. ૧૯૦૧માં દેશની વસ્તી ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે ૨૪ કરોડની હતી. આજે એમાં પાંચ ગણા જેવો વધારો થઈ જવા પામેલ છે. ૧૯૯૧ની વસ્તીગણત્રીમાં ભારતની કુલ વસતી ૮૪ કરોડ હતી જે દસ વર્ષ બાદ ૧૬ કરોડ વધારા સાથે એક અબજના આંકને વટાવી ગઈ. વીતેલી સદીના પૂર્વાધમાં વસ્તી માત્ર ૧૨ કરોડ વધી જ્યારે ઉતરાર્ધમાં ૭૦ કરોડ કરતાંય વધારે વધારો જોવા મળ્યો. મતલબ સાફ છે કે, આપણે આઝાદી પછી આ એક ક્ષેત્રમાં જબરજસ્ત પ્રગતિ કરી છે. સને ૧૯૭૧ થી ૧૯૮૧ના સમયગાળા દરમ્યાન વસ્તી ૨૫% જેટલી વધી ગઈ આની સામે ૧૯૪૧ થી ૧૯૫૧ ના દાયકામાં વસ્તી વધારો માત્ર ૧૩% હતો.

વસ્તી વધારો આપણા માટે અનેક ક્ષેત્રોમાં શ્રાપરૂપ બની ગયો છે. મુંબઈ, દિલ્હી જેવા શહેરોમાં અડધો અડધ વસ્તી ઝૂંપડાઓમાં રહે છે. ચારે તરફ ઘોંઘાટ અને ભયાનક ગંદકીથી ખદબદતા આ શહેરોના રસ્તા પર ક્યાંય પગ મૂકવાની જગ્યા નથી મળતી. શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવો મુશ્કેલ બને છે. અને હોસ્પિટલો માંદા માણસોથી ઉભરાતી રહે છે. વસ્તીવધારાના કારણે પ્રદુષણમાં વધારો થયો છે.

ઉચ્ચ અને શ્રીમંત વર્ગમાં વસ્તી વધી હોય તો તે ચિંતાનું કારણ ન બને એ જ રીતે શિક્ષિત વર્ગમાં જો વસ્તી વધારો થયો હોય તો તે પણ સમજી શકાય પણ આપણો વસ્તી વધારો મુખ્યત્વે ગરીબ અને ઝૂંપડાવાસીના વર્ગમાંજ થયો છે. જે ઝૂંપડામાં સંડાસ કે બાથરૂમ ન હોય, ચોખ્ખુ પીવાનું પાણી ન હોય અને વીજળી ન હોય ત્યાં બાળકોનો જન્મ થાય ત્યાં આવા બાળકો ગુનાખોરી તરફ વળે છે અથવા ભીખ માંગે છે કાં તો તેમની પાસે મજૂરી કરાવવામાં આવે છે.

આપણા દેશનું સૌથી શિક્ષિત રાજ્ય કેરળ છે અને ત્યાં વસ્તી વધારાનો દર સૌથી ઓછો છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશ અને બિહારમાં વસ્તી વધારાનો દર સૌથી વધારે છે. એ વાત સૂચવે છે કે કેરળ અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યો હવે સમૃદ્ધ બની રહ્યા છે એની પાછળ વસ્તીનિયંત્રણ અને શિક્ષણ છે. ભારત દુનિયાની જમીનનો અઢી ટકા ભાગ ધરાવે છે. પણ એની વસ્તી દુનિયાની વસ્તીના ૧૬ ટકા છે. દર વર્ષે દોઢથી પોણા બે કરોડની વસ્તી વધે છે. એના માટે સવા લાખ નવી શાળાઓ ખોલવી પડે છે. ૩ લાખ કરતાંય વધુ શિક્ષકોની જરૂર ઊભી થાય છે. ૨૫ લાખ કરતાં વધુ ઘર બાંધવા પડે છે અને આ વસ્તીને અંગ ઢાંકવા માટે ૨ કરોડ મીટર કાપડ જોઈએ, ૧૨૫ લાખ ક્વિન્ટલ અનાજ જોઈએ અને ૪૦ લાખ નવી નોકરીઓ ઊભી કરવી પડે. આપણે હાલની વસ્તીને જ ખોરાક, પાણી કે ઘર આપી શકતા નથી, તો દર વર્ષે ઉમેરાતી નવી વસ્તી આપણા માટે સમસ્યા સિવાય બીજું કાંઈ નથી...

અગાઉના વર્ષોમાં આપણી વસ્તીને બમણી થવા માટે ૬૫ વર્ષ જેટલો લાંબો સમય લાગતો હાલ માત્ર ૩૫ વર્ષ લાગે છે. ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, મલેશિયા જેવા આપણી સાથે જ આઝાદ થયેલા દેશોમાં વસ્તી વધારાનો દર આપણા કરતાં ઘણો ઓછો છે. ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા ગરીબ દેશોમાં વસ્તી ઊભરાય રહી હોવાથી આ દેશના લોકો નોકરી ધંધા માટે દુનિયાભરના દેશોના વિઝા મેળવવા માટે લાઈનો લગાવે છે. અને લાખો ગેરકાયદેસર બીજા દેશોમાં ઘૂસી જાય છે. આ કોઈ ગર્વ લેવા જેવી વાત નથી. આપણે આપણા જ નાગરિકોને ઘર આંગણે રોજગારી આપી

શકતા નથી. આપણે ચીન પાસેથી બોધપાઠ લેવો જોઈએ. ચીને અત્યંત કડક રીતે વસ્તીવધારા ઉપર નિયંત્રણ મેળવ્યું છે. ત્યાં એક કુટુંબદીઠ એક જ બાળકની પ્રથા અપનાવાઈ છે, લગ્ન માટે વય મર્યાદા વધારી દેવાઈ છે. અને આમાં આપણે પણ કોઈ પણ કોઈ પણ જાતના ધાર્મિક બાદ વગર નક્કર પગલાં લેવાની તાતી જરૂરિયાત છે, અલબત્ત, ચીનમાં સામ્યવાદી સરમુખત્યારશાહી છે અને આપણે ત્યાં લોકશાહી, પણ લોકશાહીના નામે રાષ્ટ્રીય સમસ્યાઓની ઉપેક્ષા કરી શકાય નહીં.

આપણી બધી જ સમસ્યાઓનું મૂળ વસ્તીવધારો છે. આપણા આયોજનની નિષ્ફળતા, બેફામ ભ્રષ્ટાચાર, કામચોરી લોકોની ધાર્મિકતા અને પ્રારબ્ધવાદે બધા કારણો છે જ પણ એની સાથે વસ્તી વધારો પણ આપણી અધોગતિનું એક મોટું કારણ છે. ગુજરાત, રાજસ્થાન જેવા રાજ્યોમાં પાણીની તંગી લોકો ભોગવી રહ્યા છે તેનું એક મોટું કારણ ભૂર્ગભમાંથી વધુ પડતું પાણી ખેંચી લેવાનું છે અને આમ બનવાનું કારણ વધતી વસ્તી છે. ઘઉં અને ચોખાના ઉત્પાદનમાં આપણે સ્વાવવિકાસનો આપણને કોઈ ફાયદો થયો નહિ, જો વસ્તી નિયંત્રણમાં હોત તો અનાજની નિકાસ કરીને મોટે પાયે વિદેશી હૂંડિયામણ મેળવી શકાયું હોત, ખેર 'જાગ્યા ત્યારથી સવાર' કારણ,..........સમયના મહાન ઘડિયાળ ઉપર માત્ર એક જ

શબ્દ લખેલો છે, "હાલ વર્તમાન છે."........?

# સ્વસ્થ મન-સ્વસ્થ કેળવણી

શ્રી ભીખાભાઈ એન. માછી
પ.ફ. હો સેલાવ પ્રા. શાળા
તા. શહેરા, પંચમહાલ

શરીર અને મનને ગાઢ સંબંધ છે. શરીરની તંદુરસ્તી મનની તંદુરસ્તી માટે ઘણી જ ઉપયોગી નીવડે છે. તેથી કહેવાય છે.

"તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન વસે છે."

જો શરીરનું આરોગ્ય જળવાય તો શરીરના રોગો થતા નથી. તેમ મનનું આરોગ્ય જળવાય તો મન સ્વસ્થ રહે છે. અને માનસિક-રોગો થતા નથી. સ્વસ્થ મનવાળી વ્યક્તિ સ્વભાવથી પ્રસન્ન રહેતી હોય છે. આનંદી હોય છે. સ્વસ્થ-તંદુરસ્ત મનવાળો માણસ સારી યાદશક્તિ ધરાવતો હોય છે, તેમજ બુદ્ધિશાળી હોય છે. દરેક કાર્ય સમજી-વિચારીને કરે છે. તેનામાં દિર્ઘદષ્ટિ હોય છે. ક્ષમાવૃત્તિનો ગુણ વિશેષ જોવા મળે છે. મન, વચન અને કર્મથી એકતા રાખે છે. સહાનુભૂતિ અને એકાગ્રતાના ગુણથી સમાજમાં પ્રતિષ્ઠા પામે છે. મન આપણી આસપાસના વાતાવરણ સાથે સંપૂર્ણ સંતુલન સાધે તો મન સ્વસ્થ છે તેમ કહી શકાય. હાસ્ય, સંગીત અને પ્રસન્નતા એ સ્વસ્થ મન માટેનો પૌષ્ટિક આહાર છે. સદ્‌ગુણ અને સદાચાર સ્વસ્થ મન માટે આવશ્યક છે.

સ્વસ્થમન ધરાવનાર વ્યક્તિ સહિષ્ણુ હોય છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં આવા વ્યક્તિઓ માનસિક સમતુલા ગુમાવતી નથી. પરિસ્થિતિનો તાગ પામી તેની સાથે અનુકૂલન સાધી શકે છે. મન પરનો કાબૂ જાળવી શકે છે તેનો અર્થ એવો નથી કે આવી વ્યક્તિઓ સંસારથી વિરક્ત કે વૈરાગી હોય છે. પણ વિકટ પરિસ્થિતિમાં ધીરજ રાખી સંયમ કેળવી પ્રસન્ન રહે છે. કામ, ક્રોધ, લોભ, ઈર્ષા વેર-ઝેર અને આળસ જેવા ખરાબ ગુણોથી પર રહે છે. સ્વસ્થ મન ધરાવનાર વ્યક્તિ કલાનો સાચો ભોક્તા હોય છે. પ્રકૃતિપ્રેમી હોય છે. સંસ્કાર અને શિષ્ટાચારને અનુસરે છે. વિશ્વમાં કેટલાય મહાપુરુષો એવા થઈ ગયા, જેમણે વિકટ પરિસ્થિતિમાં પણ મનથી-સ્વસ્થ રહી પોતાના કાર્યક્ષેત્રમાં સફળ રહ્યા હતા. સ્વસ્થ મન એ સફળતાની પારાશીશી કહેવાય છે. જેનાં કેટલાક ઉદાહરણો જીવનમાં ઉપયોગી નીવડશે.

ગુજરાતીમાં સાહિત્યમાં "સરસ્વતીચંદ્ર" નવલકથાના લેખક ગોવર્ધનરામ કે જેઓ એક ઉત્તમ કોટિના વકીલ હતા. તેમની પૌત્રી કોર્ટના અગત્યના કાગળમાંથી પતંગ બનાવી રમી રહી હતી. જ્યારે તેના

દાદાએ જોયું ત્યારે તેમણે પૌત્રીને પાસે બોલાવીને પ્રેમથી સમજાવી બેટા તે જે કાગળમાંથી પતંગ બનાવ્યો છે તે મારા માટે અગત્યનો કાગળ છે. પૌત્રી માની ગઈ અને ભુલ કબૂલ કરી. પૌત્રી સાથે સ્વસ્થ મનથી વાત કરી ક્રોધ પર કાબુ મેળવ્યો.

મહાન વૈજ્ઞાનિક સર આઈજેક ન્યૂટન સંશોધન માટે પ્રયોગ કરી તારણ કાઢી રહ્યા હતા, તે વખતે તેમના કૂતરા ડેમીએ મોં વડે ડોલ ઊંધી પાડી દીધી. તેમ છતાં ન્યૂટન સ્વસ્થ મન રાખી. બોલ્યા આ સંશોધન મારા માટે કેટલું અગત્યનું હતું તે તું નથી જાણતો.

સરદાર પટેલ કોર્ટમાં કેસ લડી રહ્યા હતા. ફરજ પ્રત્યે ખૂબજ સભાન હતા. તેવા સમયે ટપાલીએ તેમને હાથમાં તાર આપ્યો. તાર વાંચીને તેમણે ગજવામાં મુકી દીધો અને કેસ લડવાનું ચાલું રાખ્યું કોર્ટનો સમય પૂરો થતાં તેમના મિત્રે પૂછ્યું કે તાર શાનો હતો ? તો સરદારે દિલગીરી વ્યક્ત કરતા કહ્યું કે મારી પત્નીનું અવસાન થયું છે. પણ મારી ફરજ કેસ લડવાની હતી અને એ કાર્ય મેં સ્વસ્થ મન રાખી પૂર્ણ કર્યું.

જેનામાં સહનશક્તિ, ક્ષમાશક્તિ, સંયમ, વિનય વિવેક, ધીરજ અને એકાગ્રતાનો ગુણ છે. તેવા માણસો સ્વસ્થ મન રાખી રોજિંદા કાર્યોમાં સફળ બની શકે છે.

અકબરના દરબારમાં ચૌદ રત્નો હતાં. જેમાં કુશાગ્રબુદ્ધિ, વાણી ચાતુર્ય અને સ્વસ્થ મન ને લીધે બિરબલનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ હતું. તેના વિરોધી માણસો સાથે તેણે સ્વસ્થ મન અને ચતુરાઈથી જવાબ આપી સમદૃષ્ટિ રાખી લોક ચાહના મેળવી હતી. સ્વસ્થમન સર્વગુણોમાં શ્રેષ્ઠ છે. જેણે મન જીત્યું તેણે જગ જીત્યું.

'સ્વસ્થ મન' અને સ્વસ્થ કેળવણી માટે પ્રયત્ન કરીએ.

# ''સફળતા માટે આત્મવિશ્વાસ''

અશોક પ. પ્રજાપતિ
રાયણ ફ. વર્ગ બોડીદ્રા બુઝર્ગ, પ્રા. શાળા,
તા. ગોધરા, જિ. પંચમહાલ

જીવતા રહેવા માટે ભોજન જરૂરી છે, તેનાથી પણ વધારે પાણીની જરૂર છે, પાણીથી વધારે વાયુ જરૂરી છે, વાયુથી પણ વધારે આયુષ્યની જરૂર છે, પરંતુ મરવા માટે કંઈ પણ જરૂરી નથી. માણસ એમને એમ બેઠા-બેઠા દિવસમાં હજાર વાર મરે છે !! માણસ હૃદયના ધબકારા અટકવાથી મરતો નથી, પરંતુ જે દિવસે તેની આશાઓ, આકાંક્ષાઓ અને આત્મવિશ્વાસ મરી જાય છે, ત્યારે તે મરણ પહેલાં જ મરી ગયા જેવો હોય છે.

પ્રવર્તમાન સમયમાં આપણા સૌનો અનુભવ છે. સવાર-સવારમાં વર્તમાનપત્ર હાથમાં લઈએ તો બે-ચાર કિસ્સા આપણને આત્મહત્યાના જ જોવા મળે છે, આત્મશ્રદ્ધા ખોઈ બેઠેલા આ રાહ પકડે છે. દીન, હીન, લાચાર માણસ બીજું કરે પણ શું ? ''જ્યાં જુઓ ત્યાં અંધારું'' શું ખૂટે છે ?

આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધાથી જ માણસ ટકી શકે છે, જ્યારે નિરાશાના વાદળો ઘેરાય ક્યાંય માર્ગ ન મળે ત્યારે અંદર રહેલી ચેતનાને જગાડવી. હું કોણ ? માણસ ધારે તે કરી શકે ! મારી અંદર વિશ્વનું સંચાલન કરનારી શક્તિ છે. જે મને સંભાળી રહી છે, પછી હું શા માટે દીન, હીન, લાચાર બનું ? આ એક સબળ વિચાર, આત્મ-સ્ફુરણાના બળથી નિરાશાના વાદળો આપોઆપ દૂર થશે અને નવો રસ્તો મળી જશે. કોઈ ઑફિસરની ઓળખાણ હોય તો આપણે આપણો કૉલર ઉંચો રાખી ફરીએ છીએ ! તો મારી અંદર સુપ્રિમપાવર બેઠેલો છે, જે સામેવાળી વ્યક્તિને સૂચન કરે છે, દિશા બતાવે છે, તે જ મને પણ માર્ગદર્શન કરી રહ્યો છે, શા માટે કરું ? મારે બે જ પરિસ્થિતિમાંથી પસાર થવાનું છે. કા તો સારી સ્થિતિ ! કાં તો વિપરીત ! બન્નેમાં જીવી જવાની કળા માત્ર આત્મવિશ્વાસ પર નિર્ભર છે. નિષ્ફળતામાંથી જ સફળતાનો રસ્તો કંડારી શકાય છે. કરોળીયો વારંવાર નીચે પડે છે અને ફરીથી પ્રયત્ન કરે છે, તેમ આપણે વિકટ પરિસ્થિતિમાં માથે હાથ દઈ બેસવું ન જોઈએ ! હું તો કંઈ કરી શકુ તેમ નથી ! આ નબળા વિચારને આત્મબળથી કાઢી નાખવો. તેના બદલે હું જ કરી શકું તેમ છું. મારા સિવાય આ કામ

કોઈ કરી જ ન શકે ! આ "જ" કાર વાળો ટકી રહેશે. આત્મવિશ્વાસની સાથે નિર્ભયતા, તેજસ્વીતા અને તત્પરતા જેવા દૈવી ગુણોનું નિર્માણ થાય છે. "હું પોતે પોતાને સ્વીકારું." મનને મરવા નહીં દેતા તેમાં આત્મસ્ફૂરણાના અંકુરને મોકળાશ આપવી. નિર્ભયતા જ આત્માને ઢંઢોળી કંઈક કી છૂટવા પ્રેરે છે. પોતાની જાત પરનો વિશ્વાસ ક્યારેય ગુમાવવો જોઈએ નહીં, પછી ભલે બીજાને જે કહેવું હોય તે કહે, તેથી મને કોઈ ફરક પડવો જોઈએ નહીં.

આપણો ઈતિહાસ વાંચીશું તો જે ઘટનાઓ ઘટી ચૂકી છે, તે પણ નવું બળ આપી જાય છે, જ્યારે સીતામાતાની શોધ-કરવા માટે લંકામાં જવાનું થયું, ત્યારે બધાજ ચિંતાતુર વદને બેઠેલા હતા, ત્યારે જાંબુવાને હનુમાનજીની ચેતનાને જગાડવાનું કામ કર્યું ! હનુમાન તારામાં જ શક્તિ છે, ચારસો જોજન લાંબો સમુદ્ર આળંગવાની ! બીજા કોઈની તાકાત નથી ! માર છલાંગ અને હનુમાન 'શ્રી રામ' કરી ઝંપલાવે છે અને લંકામાં પહોંચે છે.

મહાભારતના યુદ્ધ વખતે અર્જુનની ગેરહાજરીમાં કૌરવોએ સાત કોઠા યુદ્ધનું આયોજન કર્યું. કેમકે તેઓ જાણતા હતા કે અર્જુન સિવાય કોઈને આ યુદ્ધ લડતાં - આવડતું નથી. અભિમન્યું ફક્ત છ કોઠા યુદ્ધ જાણે છે તેમ સમજી કપટ કર્યું. ત્યારે જેની મૂંછનો દોરો પણ ફૂટ્યો ન હતો, તેવો - અભિમન્યું આત્મવિશ્વાસથી ઊભો થયો તેણે એવું ન વિચાર્યું કે મારી સામે તો મોટા મહારથીઓ ઊભા છે હું કેવી લડી શકીશ ? તેને તેના બાહુબળમાં વિશ્વાસ હતો. એટલું જ નહીં પરંતુ રક્ષા બાંધેલી પણ તે છોડી નાખે છે. હું જીતીશ તો મારી તાકાતથી જ ! નહીં કે રક્ષાના ધાગાથી ! આટલી આત્મશ્રદ્ધા ટોચની હોવી જોઈએ. ધ્રુવ અને પ્રહલાદ દૃઢ નિશ્ચયી હતા, તેમનામાં તેજસ્વીતા, નિર્ભયતા અને તત્પરતા જેવા ગુણો ખીલેલા હતા. આજનું કામ આજે જ કરીશ. રમવા કૂદવાની ઉંમરમાં પ્રભુને મેળવ્યા, તેમના ખોળામાં જઈને બેઠા. ઉંમર નાની પણ મનોબળ મોટું ! કંઈક કરી છૂટવાની તમન્ના, ટોચ પર જઈને બેસવાની મહત્વાકાંક્ષા સેવનારા આ તેજસ્વી રત્નો પાસેથી આપણે એ જ મેળવવાનું કે હું મારો આત્મ વિશ્વાસ કદી ગુમાવું નહીં. ધ્યેય સુધી પહોંચવા માટે મારે વારંવાર પ્રયત્નો કરવા પડે તો કરીશ જ. આત્મવિશ્વાસથી પરિસ્થિતિઓનો સામનો કરી અંધારાને દૂર કરવા પ્રયત્ન કરીશ મારા મનને કદી પણ મરવા દઈશ નહીં.

## ગુરૂપૂર્ણિમા અને ૫૯મા વનમહોત્સવ ઉજવણી

આચાર્ય
પ્રાથમિક કુમાર શાળા
ટીંબાગામ તા. ગોધરા પંચમહાલ

આગામી તા. ૫-૨-૨૦૦૯ના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ કરી વર્ષગાંઠ ઉજવણીની પૂર્વ તૈયારી કરી રહેલ ગોધરા તાલુકાના ટીંબાગામની કુમાર શાળામાં રજા જાહેર થયેલ હોવા છતાં "ગુરૂપૂર્ણિમા"ના દિવસે "ગુરૂવંદના મહોત્સવ" તથા ૫૯મો વનમહોત્સવ અનોખી રીતે ઉજવવામાં આવ્યો.

શાળાના તમામ ગુરૂજીઓ શિષ્યો પ્રાર્થના સંમેલનમાં ઉપસ્થિત કરી પૂર્વ તૈયારી મુજબ દરેક ગુરૂજી-શિષ્યને આયોજક શ્રી વિનુભાઈ ગો. પોલના સૂચન મુજબ વિધિવત કંકુ તીલક નાડાછડીબંધન હસ્તમાં પૂષ્પથી સજ્જ માતા સરસ્વતી દેવીની દીપ-ધુપસળી ફુલહારથી પૂજન કરી. મંત્રોચ્ચાર શ્લોકપઠન સાથે ગુરૂવંદના કરાવી. ગુરૂ શબ્દનો અર્થભેદ ગુરૂજીની મહત્તા મહત્વતા સમજાવવા આચાર્ય ગોપાલભાઈ પટેલે શ્રી રામ / કૃષ્ણ / પરશુરામ ભગવાનનાં દૃષ્ટાંત આપી સચોટ જ્ઞાન આપ્યું. ઉપાચાર્ય ભાવનાબહેન રા. પટેલે "એકલવ્ય અને ગુરૂ દ્રોણાચાર્ય' વાર્તાકથન કહી વિશેષ સમજ આપી. શિષ્યો પાસે ગુરૂ દક્ષિણામાં "વ્યસનથી મુક્ત રહી. સત્ય જ બોલીશ કોઈ ને પણ છેતરવાનો વિચાર શુદ્ધાં પણ નહિ કરીશ."નો સંકલ્પ પ્રતિજ્ઞા લઈ જાહેર કર્યો.

ગુરૂજીઓએ પોતાના શિષ્યોને મોં મીઠું કરાવી. પ્રસાદીરૂપે શૈક્ષણિક આવશ્યક ચીજો કક્ષા ૧થી ૪માં

રબર, પેન્સિલ, સંચો, માપપટ્ટીનો સેટ તથા ૫ થી ૭ ની કક્ષા માટે ''સેલોની બોલપેનનું વિતરણ કરી આશીર્વાદ આપ્યા.

આગલા દિવસે ખરીદી લાવેલ ઔષધ તથા ફળાઉ વૃક્ષોના રોપાનું વૃક્ષારોપન વિધિ માટે બાળકોને વૃક્ષદેવતાની દરરોજ ગવાતી આરતી વિશે સમજ આપી. વૃક્ષોની આપના જીવનમાં મહત્વતા સમજાવી. વન મહોત્સવની ઉજવણી વિધિવત દરેક બાળકના હસ્તે વૃક્ષારોપણ કરી. જાળવણી માટે જવાબદારી સોંપી. આમ આ દિવસે દ્વિ ઉત્સવની શાળાએ અંતઃકરણ તન-મન અને ધનથી કરી.

### ''સ્વચ્છ શીતલજલ મશીન શાળાને ઉપલબ્ધ''

અત્રેની શાળામાંથી તા. ૩૧-૧૦-૨૦૦૭માં સમયમર્યાદાથી નિવૃત્ત થનાર શિક્ષક શ્રી રમણલાલ છોટાલાલ પટેલ (ટીંબાગામના જ વતની) તરફથી શાળાના બાળકોને સ્વચ્છ શીતલ જળની સવલત માટે રૂ. ૧૫ હજારની દાન સખાવત જાહેર કરેલ હતી.'ઊર્જાવિકાસ નિગમ' ગાંધીનગર તરફથી ૫૦% સબસીડી સ્કીમની જાહેરાત થતાં આચાર્ય ગોપાલભાઈ ઝ. પટેલે ગાંધીનગર કાર્યાલયમાં રૂબરૂ સદર નાણાં ભરાવી વીજળીવગર ચાલતું ફીલ્ટર થયેલ ઠંડુ પાણી શીતલ જલ ૪૦૦ બાળકોની ક્ષમતાવાળું ઉર્જા સંચાલન વૉટર કૂલર મંજૂર કરાવતાં ઊર્જા નિગમે શાળાને વૉટરકૂલર મોકલી આપેલ છે.

૧૨મી જૂન ૨૦૦૮ના રોજ શાળા પ્રવેશોત્સવના દિવસે પંચમહાલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જી. બી. પટેલ સાહેબ તથા ગોધરા તાલુકા પંચાયત પ્રમુખશ્રી ગોપાલભાઈ પટેલના હસ્તે આ વૉટરકુલર શાળાને અર્પણ કરી ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી.

નિવૃત્ત શિક્ષકની ભાવના દાનથી શાળાના બાળકોને સ્વચ્છ જલની સગવડતા મળી. આ એક પ્રેરણાદાયી આગવું કદમ છે. અમારા ખ્યાલ પ્રમાણે આવી સ્વચ્છ શીતલ જલ ઉર્જા સંચાલિત (જળ વગર) વૉટર કૂલર પંચમહાલમાં આ શાળા પ્રથમ હશે. અન્યને પ્રેરણાબળ મળે તે માટે જાહેર પ્રચાર/પ્રસાર આવશ્યક ગણાશે.

## ''કેળવણીમાં માતૃભાષાનું મહત્ત્વ''

- હરીશ જોષી
એમ.એ.બી.એડ.

આજે શિક્ષણમાં માતૃભાષાનું અભૂતપૂર્વ, મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે. મનોવૈજ્ઞાનિકો પણ બાળકના પ્રસન્ન, તંદુરસ્ત ઘડતરમાં માતૃભાષાને ચાવીરૂપ ગણે છે. બાળકના ઘડતર અને ઉછેરમાં વિચારની પ્રક્રિયામાં, સ્પષ્ટ રીતે વિચારવામાં, ઊર્મિ-લાગણીના આવિષ્કારમાં, કલ્પના શક્તિના વિચારમાં તમામ સ્તરે ભાષા અનિવાર્ય બની રહે છે. સામાજીક વ્યવહારના વિકાસમાં પણ ભાષા એટલી જ જરૂરી છે. કેળવણીનો એક હેતુ વિદ્યાર્થીની સામાજિક ક્ષમતા (Social efficiency) મિલવવાનો છે અને તેથી સફળતા માટે માતૃભાષા અનિવાર્ય છે.

ભાષાની મીઠાશ, જરૂરીયાત મુજબ યોગ્ય શબ્દોની પસંદગી, પ્રસન્નતા, આત્મીયતા, ભાષા દ્વારા મનોરંજન - સામાજીક સંબંધો સ્થાપવામાં અને તેને યોગ્ય સ્વરૂપમાં ટકાવી રાખવા માટે ભાષાની કુશળતા એટલી જ જરૂરી છે. માતૃભાષાની અભિવ્યક્તિ અર્થગ્રહણ, શ્રવણશક્તિઓની મિલવણી એ વિદ્યાર્થીની કેળવણીનો પાયો છે. પ્રાથમિક, માધ્યમિક કક્ષાએ જ નહીં યુનિવર્સિટી કક્ષાએ પણ ભાષાશિક્ષણ બોધભાષા બની રહે છે. સમાજ સાથે સંપર્ક વધારવાના ગુજરાતની સરકાર બધી કક્ષાએ ત્રીજા સાથેનો વ્યવહાર ગુજરાતીમાં જ કરશે એવો સરકારે નિર્ણય લીધો છે. માતૃભાષાના શિક્ષણમાં ભાષાએ કુશળતા Skill છે. તેના બે ધ્યેય છે. (૧) અભિવ્યક્તિ અને (૨) ગ્રહણ.

માતૃભાષાના શિક્ષણમાં બે ધ્યેય સ્પષ્ટ થાય છે.

(૧) વિદ્યાર્થીની શ્રવણશક્તિ ખીલવવાનું

(૨) વાંચનની કુશળતા ખીલવવાનું

આ ધ્યેયો નક્કી કરવામાં માતૃભાષાના અધ્યયન

અને મૂલ્યાંકન માટે સરકારે હાલમાં જે પ્રોજેક્ટ કાર્ય હાથ ધરી ધોરણ : ૮, ૯, ૧૧ ના બાળકો માટે પ્રોજેક્ટ કાર્યને જે પ્રોત્સાહન આપ્યું છે તે ખૂબ જ માર્ગદર્શક થઈ પડશે.

પ્રોજેક્ટ કાર્યને પરિણામે બાળકો પુસ્તકાલયના પુસ્તકો વાંચતા ન હતા તે વાંચતા થયા, જૂથમાં કાર્ય કરવાની ભાવના જાગૃત થઈ છે. સ્વપ્રયત્ને અભ્યાસ કરવાની ટેવ વિકસી શ્રવણ, મનન અને વાંચન દ્વારા બાળકોની કલ્પનાશક્તિ કરવાનો અભિગમ વિકસ્યો. દરેક બાળકમાં કોઈ શક્તિ તો ગુંથાયેલી હોય છે જ. એ શક્તિ દ્વારા એ અભ્યાસ કરે, આગળ વધે અને પોતાની શક્તિ ખરેખર ખૂબ જ કામની છે. એમ માની એનો ઉપયોગ કરે એ મહત્ત્વની વાત છે. વ્યક્તિ ભાષા દ્વારા એ અભ્યાસ કરે. આગળ વધે અને પોતાની શક્તિ ખરેખર ખૂબ જ કામની છે. એમ માની એનો ઉપયોગ કરે એ મહત્ત્વની વાત છે. વ્યક્તિ ભાષા દ્વારા પોતાના વિચારો અને લાગણી વ્યક્ત કરે છે. વ્યક્તિ જે બાળકો સારી રીતે બોલી શકે તેજ સારી રીતે લખી શકે છે.

"speech graining makes a man exqet, writting makes a man perfect :

કહેવાય છે કે - "સતાં સંગતિ સપ્તપદી" સાત વાક્યોના ઉચ્ચારણથી સજ્જનો મૈત્રી દૃઢ કરે અને સંસ્કારીતાનું માપ પણ તેના પરથી જ નક્કી થાય છે.

બાળકના સમાજીકરણમાં માતાપિતા અને કુટુંબનો સવિશેષ ફાળો રહેલો છે. સંસ્કૃત સાહિત્યમાં પણ કહ્યું છે કે કોઈપણ બાળક અયોગ્ય અથવા ખરાબ જનમતું નથી. બાળકો પોતાના અંગત જીવનમાં મા બાપ સાથે તેમ જ લોકવ્યવહારમાં લોકભોગ્ય અને લોકગમ્ય ભાષાશુદ્ધ સ્વરુપમાં સાદામાં સાદી રીતે રજૂ કરે છે તે જોવાનું કામ ભાષાશિક્ષણનું છે. બાળકોના ઉચ્ચારદોષો-નિવારવામાં શાળા, શિક્ષકો, મા-બાપ વગેરેની સંયુક્ત જવાબદારી છે. શાળા બાળકોને સન્માર્ગે દોરનારી અને સાચું શિક્ષણ આપનારી સંસ્થા છે. આચાર્ય એ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કુલપિતા છે. શિક્ષકોનો આદર્ય શિક્ષક અને સમાજ અને રાષ્ટ્રનો શિક્ષક વિષયક પથદર્શક છે. શ્રેષ્ઠ વ્યક્તિ જે પ્રમાણે આચરણ કરે તે પ્રમાણે બીજી વ્યક્તિઓ આચરણ કરે છે.

માનસિક શક્તિ ખીલવવા માટે બાળકોને નવા નવા વિષયોની જરૂર પડે છે. વિષયોની વિવિધતાથી બાળકોનું જ્ઞાન વધે છે અને ઈષ્ટ પણ વિશાળ બને છે. નવો ટોપીક કે શબ્દો શિખવતી વખતે શિક્ષકો બાળકની માનસિક કક્ષાનો ખ્યાલ રાખીને તેને 'ગમ્મત સાથે જ્ઞાન' એ પદ્ધતિએ નવા શબ્દો શિખવવા જોઈએ. આ કારણે જ 'ક્રિડા માર્ગે જ્ઞાનું' (play way Method) પદ્ધતિ શ્રેષ્ઠ મનાઈ છે. આમ કેળવણીમાં ભાષાનું સવિશેષ મહત્ત્વ છે.

## કન્યા કેળવણી

રાગ : વા-વાયાને વાદળ ઉમટ્યા....

મારે લખતાં વાંચતા શિખવું છે
મને ભણવાના ઘણા શોખ રે
મારે લખતાં વાંચતા શિખવું છે...
મારે ભણી ગણીને હોશિયાર થાવું
શિક્ષણ લઈને મારે સાક્ષર થાવું
મારે વાંચતા લખતા શિખવું છે.
દુનિયા કહે છે દીકરી સાપનો ભારો
હુ છું તુલસીનો ક્યારે રે
મારે લખતાં વાંચતા શિખવું છે.
દીકરો અને દીકરી બેઉ એક સમાન
તેના તે ભેદ મિટાવવા રે મારે
વાંચતા લખતાં શિખવું છે.
ભણવાની ઉંમરે મારે ઘરકામ કરવા
નિત-નિત પાણીડાં ભરવા રે મારે
વાંચતા લખતાં શિખવું છે...
મોટા થઈને મહાન મારે બનવું છે
ભ્રૂણ હત્યા મારે અટકાવવી રે
મારે વાંચતા લખતાં શિખવું છે.
પહેલાં વિદ્યાના દાન તો થાય છે રે
પછી કન્યાના દાન થાય રે
મારે વાંચતા લખતાં શિખવું છે.
સાડીને શોભાવવા પાલવની જરૂર પડે તેમ
ભણતરને દિપાવવા વિદ્યા દેવીની જરૂર પડે.

સુધાબેન એમ. પટેલ
ઉંદરા પ્રા.શાળા, તા. લુણા, જિ. પંચ

## ગીત સંશોધનકા

સર્વેક્ષણમેં છીપા દેખો, યે વિકાસ હૈ આજકા,
ચલો કરેં હમ સહી ઢંગસે, ઈસ્તમાલ અંદાજકા.

સમાજમે શિક્ષાકી નીતિ-રીતિ કૈસે નાપેં હમ ?
વિકાસકે હર પહલુંઓકી, સ્થિતિ કૈસેં જાને હમ ?
કરના હૈ યે કામ નીંવકા, શિક્ષામેં લિહાજકા,
ચલો કરેં હમ સહી ઢંગસે, ઈસ્તમાલ અંદાજકા.

કિતને બચ્ચેં મજદૂરી કે, કારણ પઢ નહીં સકતે હૈં ?
લાખો બચ્ચેં મજદૂરીમે, અપના બચપન ખોતેં હૈ.
ઐસે ગીત ભી ગાયેં, જિનકા રાગ નહીં આવાજ કા,
ચલોં કરે હમ સહી ઢંગસે, ઈસ્તમાલ અંદાજકા.

દેખો કહીં વિરાના હૈ, તો સાગર ભી લહરાતા હૈ ,
ગાંવ-નગર કી સંસ્કૃતિકા ભિન્ન-ભિન્ન યે નાતા હૈ.
રખે સામને તથ્યોં કો, યે કામ બડા સરતાજકા,
ચલોં કરે હમ સહી ઢંગસે, ઈસ્તમાલ અંદાજકા.

કાફી લોગ સમજતે, જો કિયા યે સબ કાફી હૈ,
મગર ઉજાલા કરના હે કિ જહાઁ અંધેરા બાકી હૈ.
સપના ભી તો કરના હૈ, સાકાર હમેં સમાજકા,
ચલો કરેં હમ સહી ઢંગસે, ઈસ્તમાલ અંદાજકા.

-નૈષધ મકવાણા

## શિક્ષક

શિક્ષક એવો હજો જે,
બાળજીવનને અજવાળે
સમભાવ કેળવીને
મેલ મનનો કાઢે
માતૃભાવના પાઠ એવા
સૌના એ ભણાવે.
સંતાન સૌ એક માનવના
હરપળ એ જણાવે.
લડી-લડીને કર્યાં આપણે
માતૃભૂમિના કટકા
વર્ષો થયે વઠીએ છીએ
રમખાણોના ઝટકા

ખંત-નિષ્ઠાથી રોજ રોજ
ફરજ આપણી બજાવીએ
સમગ્ર વિશ્વમાં નામ દેશનું
બસ હવે ગજાવીએ

મુશતાક એ. પટેલ
મદદનીશ શિક્ષક મદની પ્રા. શાળા
લુણાવાડા (C.R.C. બ્રાન્ચ શાળા નં. ૫)

## તરૂવર ક્િરતાર

સંત, સરને તરુ-વર્ષામાં તરુવર છે ક્િતાર
તરુવર જગનો તારણહાર છે
ઘર આંગણીયે તુલસી, પીપળો પાદરમા પૂજાય
તરુવર જગનો તારણહાર છે
જન્મે લોરી જીવને દોરી મરલો દેહાધાર
તરુવર જગનો તારણહાર છે
ધરણી કેરુ ધાવણ ધાવી ધરણી રક્ષણ હાર
તરુવર જગનો તારણહાર છે
ઠંડી ગરમી હેલ ખમીને જગને દે આરામ
તરુવર જગનો તારણહાર છે
અંગારાને ગણી-ગળીને પૂરે જગના પ્રાણ
તરુવર જગનો તારણહાર છે
ફૂલ ફળોને ઔષદ લાડી અન્ન અમિ દેનાર
તરુવર જગનો તારણહાર છે
લળી લળીને વંદન પૂજન ગુણલા ખૂબ ગવાય
તરુવર જગનો તારણહાર છે
હૈયાની આંખડીએ દેખો વિભુવર તરૂવર એક
તરુવર જગનો તારણહાર છે
અનઘડ મતમાં કાષ્ઠ ભલે હીં હેમુ મનમાં હેમ
તરુવર જગનો તારણહાર છે

હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ
આ.શિ. ઉપલા ફ. ચીચાણી શાળા
તા. સંતરામપુર, જિ. પંચમહાલ

# કર્મ એજ કિરતાર

રાગ : દેખ તેરે સંસારકી.....

સરસ્વતીની આંખની ઉપર,
ફરતી જગની આંખ,
હવે તો કર્મજ છે કિરતાર (૨)
ધરા ઉપરથી ગર્ભે-ગગન પર,
રાહ ચિંદ-દે પાંખ,
હવે તો કર્મજ છે કિરતાર (૨)
ભૂલો ભૂતને ચાલુ-ભાવિ પર,
આંતર આંખે પેખ,
હવે તો કર્મજ છે કિરતાર (૨)
મંદિર જીવતી મૂરતી ઉપર,
શ્રમધારા નિત રાખ
હવે તો કર્મજ છે કિરતાર (૨)
નૂતન શિક્ષણ ઝરણાં ઉપર,
નાવ તું તરતી રાખ,
હવે તો કર્મજ છે કિરતાર (૨)
નાવે બેઠા એકે એક પર
સ્મિત, ધ્યાન, દિલ રાખ
હવે તો કર્મજ છે કિરતાર (૨)
જગતાધાર છે તુજ નયનો પર
રોક ન જ્ઞાનની ચાખ
હવે તો કર્મજ છે કિરતાર (૨)
નેમ-ટેક ને નિષ્ઠા શિરે ધર
કર છાતી પર રાખ
હવે તો કર્મજ છે કિરતાર (૨)
સરસ્વતીની આંખની ઉપર
ફરતી જગની આંખ
હવે તો કર્મજ છે કિરતાર (૨)

## કાવ્યનો સાર

(૧) સરસ્વતીની આંખ એટલે શિક્ષક ગુણવત્તા લક્ષી શિક્ષણ ઉપર આખા જગતની આંખો મંડાયેલી છે. ત્યારે આપણે કર્મ એટલે શ્રમ એજ ઈશ્વર છે. એમ માની કાર્ય કરવું જોઈએ.

(૨) પૃથ્વી પર રહીને આપણે ભૂગર્ભ માર્ગ અને અવકાશ પર જવાની પાંખ રૂપી માર્ગ જ બતાવવાનો છે. એ આપણી કેળવણી છે.

(૩) હવે ભૂતકાળ એટલે કે જુનવાણી વિચારધારાને ભુલીને વર્તમાન અને ભવિષ્યમાં કેવા પરિણામો લાવવાના છે. તે અંતઃકરણ રૂપી આંખથી જોતા રહીને કાર્ય કરવા જ છે.

(૪) આવા વિચારો કેળવવા આવા સ્વપ્નો સાકાર કરવા માટે આપણે આપણી શાળા (વિદ્યારૂપી) મંદિરમાંથી જ શરૂઆત કરવાની છે. મંદિરોમાં મૂર્તિની સમક્ષ આપણે જેવો ભાવ-આદર રાખીએ છીએ તેવો જ ભાવ નાના બાળકો ઉપર રાખી શિક્ષણ કાર્ય રૂપી શ્રમના પરસેવાની જલ ધારા હંમેશાં સિંચતા રહેવા વિનંતી કરી છે.

(૫) નવા નવા શિક્ષક અભિગમોનો પ્રવાહ નિરંતર ઝરણાં રૂપે વહેતો રહે છે. તેને આવકારી તે કેળવણીની રીતો ની ન્યાયરૂપ નાવને પ્રવાહમાં વહેતી રાખીશું.

(૬) કેળવણીની નીતિઓ, ઘડતા કેળવણીકારો, મહાજલવો કવિ-લેખકોથી માંડીને શાળાના પરિવાર આ સૌના પરિશ્રમ-વિચારો અને સંશોધનોની ઈજ્જત કરવી અને બાળ ગોપાળો પર સ્મિત-ધ્યાન અને હૈયે હેત રાખવાની વાત વણી છે.

(૭) આખુ જગત હવે શિક્ષણ દેતા શિક્ષકોની આંખોથી જ ચાલે છે. ત્યારે કેળવણીનો પ્રવાહને અવરોધ ન આવે એ રીતે શિક્ષણનો આખડો સતત ગતિમાં રાખવા અંગે.

(૮) જગત આપણા પર આધાર રાખે છે, તો હવે આપણે પ્રતિજ્ઞા કરીએ અને નિષ્ઠાપૂર્વક બાહેધરી આપીએ અને સાચા હૃદયથી આત્મીયભાવે કાર્ય કરીશું. કેમકે હવે કર્મ - શ્રમ એ જ આપણો ભગવાન છે.

હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ
આ.શિ. ઉપલા ફ. ચીચાણી
તા. સંતરામપુર, જિ. પંચમહાલ

# ''કેળવે તે કેળવણી''

પટેલ કિરણકુમાર એન.
ભવાની ફ. વર્ગ પ્રા.શા. તા. શહેરા
**PTC MA B.ed.**

સારસ્વત મિત્રો, આપણે સૌ બાળકોનાં ઘડતર માટે, ભારતનો એક સારો નાગરિક બને તે માટે દરરોજ શાળામાં ચિંતનશીલ રહીએ છીએ. આપણી પાસે આવેલું બાળક એક સારો નાગરિક બને તે ભણે તો ખરો. સાથે ધાર્મિકવૃત્તિવાળો, સદાચારી બને તેવા પ્રયત્નો આપણે કરીએ છીએ. આજે આપણે જોઈએ છીએ તો એકલા ગુજરાતમાં જ શિક્ષણ આપતી કેટકેટલી સંસ્થાઓ અસ્તિત્વમાં છે આપણે જાણીએ છીએ કે ''શિક્ષણ આપતી સંસ્થાઓ તો ભરપૂર છે. પરંતુ શિક્ષિતોની સંખ્યા કેટલી ? આ અંગે વિચારવા જેવું છે તે અંગે ચિંતન કરો એટલી જ અભ્યર્થના....

ગાંધીજીએ તે વખતે Three 'H' એટલે કે Head, Heart અને Hand આ ત્રણેય વસ્તુ સાથે જોડાય ત્યારે ખરી કેળવણી સાર્થક થાય એમ કહ્યું હતું. આજે પરિસ્થિતિ આપણે જોઈએ છીએ કે બાળકોને આપણે શાળામાં ફક્ત 'સાક્ષર' કરતાં હોઈએ એવું લાગે છે. આપણે થોકબંધ માહિતીઓ બાળકના મગજમાં ઉતારીએ છીએ અને તેની પાછી પરીક્ષા પણ આપણે લઈએ છીએ. 'ભાર વગરનું ભણતર' આવ્યું છે. મિત્રો, આપણે ભારનો અર્થ તેના દફતર સાથે કરીએ છીએ. પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવાની વાતો થાય છે પરંતુ 'ભાર' એટલે દફતરનો ભાર નહિ, પરંતુ 'સમજણના અભાવનો ભાર બાળકો અનુભવી રહ્યા છે. શીખવાનો કોઈ મુદ્દો કાચો રહી જતા. બાળક આગળ તાણ અનુભવશે અને તે શિક્ષણનો ભાર વેંઢારવા સક્ષમ રહી શકતો નથી.

અહીં આપણે 'કેળવે તે કેળવણી'માં વાત કરીશું કે ઉજળા ભવિષ્યની તૈયારી કરનારા માટે એક સરળ અને સચોટ વાક્ય છે.

If you are planning for a year, sow rice
If you are planning for a decade, plant a tree
If you are planning for a century, educate a person.

સૈકાઓની તૈયારી કરવા માટે શિક્ષણ આપવાની વાતમાં શિક્ષણની મહતા અને લાંબાગાળા સુધીની અસરકારકતાનું બયાન થયું છે. પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે શિક્ષણ કેવું સમજવું ? આજે શિક્ષણ એટલે માત્ર માહિતીઓનું પ્રદાન, થોકબંધ માહિતીઓનું પ્રદાન, ઢગલાબંધ હકીકતોનું પ્રદાન જથ્થાબંધ તથ્યોનું પ્રદાન. જેટલું પ્રદાન વધુ તેટલું શિક્ષણ ઊંચું શિક્ષણની પરિભાષા અંગેની આ પાયાની ભૂલ રહી જવાના કારણે આજે શિક્ષણનું માળખું બદલવાની જરૂર છે.

શિક્ષણનો સંબંધ પ્રદાન સાથે નથી, અસર સાથે છે. 'શિક્ષ્ To learn' શિક્ષણ એટલે શીખવું, તૈયાર થવું, ઘડાવું, જ્યાં માહિતી આપવાની મુખ્યતા હોય અને ઘડતર જ્યાં ગૌણ હોય તેને શિક્ષાવૃત્તિ કહેવા કરતા ભિક્ષાવૃત્તિ કહેવી જોઈએ. બુદ્ધિ અને માહિતી વચ્ચે જો આ સમીકરણ સાધી શકાય તો શિક્ષણનો પુનર્જન્મ થયો ગણાશે. માહિતીઓનું પ્રદાન થવાથી ગમારને ગ્રેજ્યુએટ બનાવી શકાય. આ પ્રદાનને કોઈ જો 'અસર' માનતું હોય તો એ દ્રવ્યાત્મક અસર છે. પુસ્તકો ભરવાથી તો ખાલી કબાટનુયે વજન વધારી શકાય.

'કોઈ હજામને પારસમણિ મળી ગયો તેણે બધા અસ્ત્રા સોનાના બનાવી દીધા અને પોતાના સલૂનની બહારના પાટિયા પર સ્પેશિયલ નોટિસ મૂકી. 'અહીં સોનાના અસ્ત્રાથી હજામત કરાશે ભાવ રૂા. ૫૦૦ ગણીએ તો આને પણ અસર ગણી શકાય ખરી. આ દ્રવ્યાત્મક અસર થઈ. સલૂન અને હજામત બંધ થાય અને ધંધાની સમૂળગી લાઈન બદલાય તેને ભાવાત્મક કે ગુણાત્મક અસર કહેવાય. શિક્ષણ દ્વારા આવી અસર થવી જોઈએ.

આજે વિદ્યાર્થીઓ સામે પાઠ 'ચલાવાય' છે શીખવાતો નથી. પાઠ ચાલે છે પણ વિદ્યાર્થીનું સ્તર આગળ ચાલતું નથી. ઘણીવાર કહીએ છીએ કે 'ભણ્યો છે પણ ગણ્યો નથી.' પરિપક્વતા કે ગણતરની વાત

આવે ત્યારે 'કેળવણી' શબ્દ ઝટ યાદ આવે. લોટના પિંડને કેળવવામાં આવે ત્યારે રોટલો થાય. માટીના પિંડને કેળવવામાં આવે ત્યારે ઘડો થાય. પથ્થરના ટુકડાને કેળવવામાં આવે ત્યારે શિલ્પ ઘડાય છે. ટોલ્સ્ટોયને કોઈએ લોખંડનો ટુકડો બતાવીને પૂછેલું કે આની કિંમત કેટલીક ટોલ્સ્ટોય માર્મિક જવાબ આપે લો,' "તને કઈ રીતે કેળવો છો તેના પર તે નક્કી થાય. આમને આમ તો આઠ આના ઉપજે. નાની નાની સોય બનાવો તો થોડું વધારે ઉપજે. ઘડિયાળના ઝીણા સ્પેરપાર્ટ્સ બનાવો તો ઘણું વધારે ઉપજે.

"It depends how to cultivate it."

ભણવું કે ભણાવવું કરતાં કેળવવું શબ્દ, અર્થમાં જુદો પડે છે. તેથી ભણતર અને કેળવણી બે જુદી બાબતો છે. આજની કેળવણી સંસ્થાઓ માત્ર ભણતરની સંસ્થાઓ બની રહે છે. વિદ્યાર્થીનું ચારિત્ર્ય અને વ્યક્તિત્વનું ઘડતર કરે તે ખરી કેળવણી. પંદર વર્ષનો અભ્યાસકાળ પસાર કરીને બહાર પડનારો વિદ્યાર્થી પણ ઘણીવાર કેળવણી વગરનો હોય છે. કોરું ભણતર એટલે પ્રદાન. કેળવણીના ગર્ભમાં અસર સમાયેલી છે.

ખેડૂત પણ ભૂમિની પાત્રતા જોઈને બીજનું વાવેતર કરે છે. ક્યાંક કપાસ તો ક્યાંક શેરડી, ક્યાંક બાજરી મકાઈ તો ઉખર ભૂમિમાં કંઈ નહિ. પ્રદાનનું પરિણામ પાત્ર ઉપર આધારીત છે. માટે જતો સિંહણનું દૂધ સ્વર્ગપાત્રમાં જ ટકે, બીજી ધાતુને તોડી નાંખે. વરસાદનું પાણી દરિયામાં પડતા ખારું બને. છીપમાં પડે તો મોતી બની શકે. ગાયને ખવડાવેલું ઘાસ દૂધમાં રૂપાંતર થાય અને સાપને પીવડાવેલુ દૂધ વિષ બને છે. આજે સર્વત્ર પ્રદાનને મહત્વ અપાય છે તેની અસરો અંગે ચિંતા કરાતી નથી. અણુમાં પડેલી તાકાતને વિજ્ઞાને પ્રગટ કરી દીધી. અણુબોંબ સર્જાયા પણ તેની અસર ? વિશ્વને સતત ભયના ઓથાર નીચે જીવતું કરી દીધું.

ખનિજોના વિવિધ ઉપયોગો રજૂ થયાં પછી તેની અસર ? પર્યાવરણ શાસ્ત્રીઓને પૂછો. પ્રદાન અંગે વિજ્ઞાને ઘણું કરી દેખાડ્યું છે પણ અસરો અંગે તેનું મોં નીચું છે. "પ્રદાન મુખ્ય બને ને અસર ગૌણ બને ત્યારે શિક્ષણ શૂન્યતા સર્જે છે.

તો મિત્રો આપણે હવે સંકલ્પ કરીશું. કે બાળકને ફક્ત સાક્ષર કરવા કરતાં તેને કેળવવા પ્રયત્ન કરીશું તો જ આવનારી અસરો વિશે સફળ થઈશું.

# "ગણિત ગમ્મત"

પટેલ કિરણકુમાર એન.
ભવાની ફ. વર્ગ પ્રા.શા. તા. શહેરા
**PTC MA B.ed.**

### ભાગાકારની ટૂંકી રીતો

### ૧. પાંચ વડે ભાગવાની રીત

કોઈ પણ રકમને પાંચ વડે ભાગવાનું કામ અઘરું નથી. દા.ત. ૨૨૫ ને પાંચ વડે ભાગવા હોય તો તેનો જવાબ તમે મોઢે જ આપી દેશો. તો આ માટે તમારે ભાજ્ય રકમ = ૨૨૫ ને બમણી કરવાની છે. દા.ત. ૨૨૫ × ૨ = ૪૫૦ અને પાછળનું શૂન્ય ઉડાવી દેવાનું છે. માટે જવાબ આવશે ૪૫ આ રીતે ગમે તેવી સંખ્યાને ૫ વડે આ રીતે ભાગી શકાશે.

### ૨. પંદર (૧૫) વડે ભાગવાની રીત

કોઈપણ સંખ્યાને ૧૫ વડે ભાગવી હોય તો તે સંખ્યાને ભાજ્ય ને બમણી કરી ૩૦ વડે ભાગીએ તો પરિણમ તેજ મળે છે.

દા.ત. ૧૮૦ ને ૧૫ વડે ભાગવા માટે
૧૮૦ × ૨ = ૩૬૦ ÷ ૩૦ = ૧૨
દા.ત. = ૩૬૨૨૫ ÷ ૧૫ કરવા હોય તો
૩૬૨૨૫ × ૨ = ૭૨૪૫૦ ÷ ૩૦ = ૨૪૧૫
અહીં ૭૨૪૫ ÷ ૩ કરવા

$$\frac{૭૨}{૩} \qquad \frac{૪૫}{૩}$$

૨૪૧૫

આ રીતે કરવાથી ઝટ પરિણામ મળી શકે છે. મિત્રો આ રીતે તમે વધુ ઉદાહરણ ગણશો. ગમ્મત સાથે જ્ઞાન મળી રહેશે.

# ગણિત શિક્ષણ

સંકલન : ડૉ. એ. વી. પટેલ
"તંત્રી"
મૈત્રી, ડાયટ, સંતરામપુર

નાના બાળકોને નીચેના સાધનો દ્વારા ગણિત શિક્ષણ આપી શકાય.

**(૧) રેતિયા અંક** : ૦ થી ૯ ની પૂંઠાની તકતીઓ બનાવવી, પૂઠાંની તકતીઓ પર ગુલાબી કાગળ ચોટાડવો અને દરેક તકતી પર ૦ થી ૯ ની જુદી જુદી સંખ્યા કાળા કાચ પેપર પર તૈયાર કરી લગાડવી. બાળકો સ્પર્શ દ્વારા અને દર્શનેન્દ્રિય દ્વારા ૦ થી ૯ નો ખ્યાલ મેળવશે.

**(૨) ટોપલીની રમત** : એક ટોપલીને શુસોભિત કરવી અને તેની અંદર ૦ થી ૯ ચિઠ્ઠીઓ મુકવી. જે સંજ્ઞા નીકળે તેની સાથે સાથે ચચુકા કે મણકા કે કોડીઓની ગણતરી કરવી.

**(૩) ટપકાની રમત** : ટપકા દ્વારા ૧ થી ૧૦ જુદા જુદા કાગળ પર લખવા અને ટપકા જોડાવવા.

(૪) વસ્તુ દ્વારા અંક શિક્ષણ ૧ થી ૧૦ વસ્તુઓ લેવી ને તેની સામે ૧ થી ૧૦ ના કાર્ડ મુકવા.

**(૫) સંખ્યા અને સંજ્ઞાનો પરિચય** : ૧ ની તકતી સામે ૧ કોડી, ૨ ની તકતી સામે બેકોડી, એમ ૧ થી ૧૦ શીખવવા.

**(૬) એકાંકી સરવાળા** : ૧ + ૧ = ૨ એ રીતે ૯ સુધી ગણતરી શીખવવી.
**એકાંકી બાદબાકી** : ૯ – ૧ = ૮ એ રીતે ઉતરતા ક્રમમાં જવું.

**(૭) અધૂરા સેટ પૂરા કરો** :

| | |
|---|---|
| ૧ | ૧ |
| ૧ | |

| | |
|---|---|
| ૨ | ૨ |
| ૨ | |

૧ ૨ આ રીતે ૧ ચોરસમાં ૧ ની તકતી મૂકવી.
૨ માં ૨ ની મૂકવી. આ રીતે ૯ સુધી કરી શકાય.

**(૮) તોલમાપ** : ત્રાજવા દ્વારા કોઈપણ શાક તોલી શકે. અનાજ, કઠોળ તોલી શકે.

**(૯) નાણા પરિચય** : પાંચ પૈસાથી લઈને રૂ. ૧૦/- સુધી નો પરિચય કરાવવો.

**(૧૦) સંજ્ઞાક્રમ** : આ સાધનમાં વચ્ચેનું ખાનું પૂરી પાઠ અપાવો.

| | | |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨ | | ૪ |
| ૩ | | ૫ |
| ૪ | | ૬ |
| ૫ | | ૭ |
| ૬ | | ૮ |
| ૭ | | ૯ |

**(૧૧) પ્રમાણ માપ** : પ્રમાણ માપમાં કોઈ પણ એક વાસણમાં કેટલુ પ્રવાહી અથવા પદાર્થ ભરાય તેનો ખ્યાલ આપવામાં આવે છે.

(૧૨) સંખ્યાક્રમમાં સંજ્ઞા ક્રમની જેમ જ વસ્તુ લઈ કરી શકાય.

**(૧૩) અપૂર્ણાક્નું વર્ગીકરણ** : આ સાધનમાં આખા, ગોળ, પોણા ગોળ, અર્ધગોળ અને પા ગોળ તૈયાર કરવા. આ દરેક એક મોટા પૂઠા પર ડાબી સાઈડે ઉપરથી નીચે ચોટાંડી દેવા અને તેની છૂટી તકતીઓ પણ બનાવવી. પછી બાળકો આખા ગોળની સામે આખા ગોળની તકતી મૂકશે. અડધા સામે અડધાની એ રીતે સાધન રમશે અને અપૂર્ણાકનો ખ્યાલ મેળવશે.

## ગાણિતિક કોયડા

૧. ૧, ૩, ૫, ૭, ૯, ...........
૨. ૨, ૪, ૧૬, ............
૩. ૧, ૪, ૭, ૧૦, ૧૩, ..........
૪. ૧૨૫, ૨૫, ...........
૫. ૨, ૧૦, ૫૦, .............
૬. ૧૩, ૯, ૫, ..............
૭. ૧૦૦, ૨૦, ૫, ............
૮. ૩, ૯, ૨૭, ૮૧, ............
૯. ૫૦, ૨૫૦, ૨૫૩, ૧૨૬૫, ............
૧૦. ૧૦૦૦, ૧૦૦, .............

## ગણિત ગમ્મત

(૧) દુર્ષિલ પાસે પાર્થ કરતા ત્રણ ફુગ્ગા વધુ છે. પાર્થ પાસે ભારતી કરતાં બમણા ફુગ્ગા છે. ભારતી પાસે દુર્ષિલ પાસે છે. તેના કરતાં ત્રીજા ભાગના ફુગ્ગા છે. તો ત્રણે પાસ કેટકેટલા ફુગ્ગા હશે ?

જવાબ : દુર્ષિલ પાસે : ૯
પાર્થ પાસે : ૬
ભારતી પાસે : ૩


(૨) પાંચ બાળકોએ કેરમની ટુર્નામેન્ટમાં ભાગ લીધો. દરેકે એક બીજાની સાથે રમવાનું છે. તેઓએ કુલ કેટલી વખત કેરમ રમવું પડશે ?

જવાબ : ૧૦ વખત

(૩) દરેક હરોળમાં સાચો જવાબ મળે તે માટે ખુટતાં અંક શોધો.

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૬ | ૮ | ૨ | ૧ |
| ૪ | ૨ | ૬ | ૧ | ૭ |
| ૫ | ૮ | ૧ | ૨ | ૦ |
| ૩ | ૧ | ૬ | ૨ | ૧ |
| ૧ | ૦ | ૮ | ૨ | ૦ |

(૪) આપેલ વર્તુળમાં લખેલી સંખ્યાઓ તર્કબદ્ધ રીતે લખેલી છે. પ્રશ્નાર્થવાળા ખાનામાં કઈ સંખ્યા આવે તે લખો.




(૫) જીગ્નેશે વિનોદને પુછ્યું, એવા કયા ત્રણ અંકો છે કે જેનો સરવાળો અને ગુણાકાર સરખો થાય છે ?

જવાબ : ૧, ૨, ૩

(૬) વિવેક પાસે રૂ. ૧૦૦ ના સિક્કા છે. જેમા ૫૦ પૈસા., ૧ રૂપિયો અને ૨ રૂપિયાના રૂા. ૧૦૦ના સિક્કા છે. તો તેની પાસે ૫૦ પૈસાના કેટલા સિક્કા હશે ?

જવાબ : ૬૦


(૭) મોનું વાંદરાને ૧૨ મીટર ઉચા થાંભલા પર ચડવાનું છે. એક મિનિટમાં તે ત્રણ મીટર ઉપર ચઢે છે. અને બીજી મીનીટે બે મીટર લપસી પડે છે. તેને થાંભલાની ટોચ પર પહોચતાં કેટલો સમય લાગશે ?

જવાબ : ૧૯ મિનિટ


(૮) ધૈવતે સિદ્ધાર્થને કહ્યું જો, તુ મને મારા પતંગમાંથી પાંચ પતંગ આપે તો મારી પાસે તારા કરતાં બમણા પતંગ થાય. સિદ્ધાર્થે ધૈવતને કહ્યું, જો તુ પણ મને મારા પતંગમાંથી પાંચ પતંગ આપે તો મારી પાસે પણ તારા કરતાં બમણા પતંગ થાય. તો ધૈવત પાસે કેટલા પતંગ હશે ?

જવાબ : ૧૫ પતંગ

(૯) પાયાને ખસેડયા સિવાય બે દિવાસળી ખસેડીને પાંચ ત્રિકોણ બનાવો.



જવાબ



(૧૦) (૧) ૧૧ [−] ૬ [+] ૫ = ૧૦


(૨) ૨ [+] ૯ [−] ૩ = ૮

(૩) ૩ [×] ૬ [÷] ૨ = ૯

(૪) ૧૨ [÷] ૨ [−] ૪ = ૨

ખાલી □ માં +, −, ×, ÷, ની નિશાની એવી રીતે મૂકો કે જેથી આપેલ જવાબ મળેસ.

(૧૧) ખૂટતી સંખ્યા શોધો.



# જાણવા જેવું

સંકલન : ડૉ. એ.વી. પટેલ
તંત્રી "મૈત્રી"

૧. કાર્નિવોરા (Carnivora) ગણ (Order)નું નાનામાં નાનું પ્રાણી લિસ્ટ વીઝલ (Last Weasel) (Mustela Vivalis) છે. જેનું માથું અને શરીરનું કદ ૧૩૫-૮૫ મી.મી., પૂંછડી ૩૦-૪૦ મી.મી. અને વજન ૩૫-૭૦ ગ્રામ હોય છે. જ્યારે આ ગણમાં મોટામાં મોટું ગ્રીઝલી અથવા બદામી રીંછ કે જે દક્ષિણ અલાસ્કાના દરિયા કિનારા તરફ જોવા મળે છે. તેનું માથું અને શરીરની લંબાઈ ૨૮૦૦ મી.મી. અને વજન ૭૮૦ કિલો સુધીનું હોય છે.

૨. ઘણાં કાર્નિવોરા (Carnivora) કે જેમાં શ્વાન અને બિડાલ કુળનો સમાવેશ થાય છે. તે ડીજીટીગ્રેડ (Degitigrade) હોય છે. એટલે કે તે તેમના અંગુઠાઓ ઉપર ચાલતા હોય છે. જ્યારે ઉર્સીડ (દાત રીંછ) પ્લેન્ટીગ્રેડ (Plentigrade) હોય છે. એટલે કે તેઓ પગની એડી જમીન ઉપર અડે તે રીતે ચાલતાં હોય છે.

૩. ફેનેક ફોક્સ નામની લોંકડી કે જે મોરોક્કો, નાઈજિરિયા, ઈજિપ્ત અને સુદાન દેશોમાં થાય છે તે શ્વાનકુળમાં પ્રાણીઓમાં સૌથી નાનામાં નાનું પ્રાણી છે કે જેનું માથું અને શરીરની લંબાઈ ૩૫૭-૪૦૭ મી.મી., પૂંછડી ૧૭૮-૩૫૦ મી.મી. અને વજન ૧.૦ થી ૧.૫ કિલો જેટલું હોય છે. તેના કાન ૧૦૦ થી ૧૫૦ મી.મી લાંબા હોય છે.

૪. નાર અથવા વરુ શ્વાનરકુળનું સૌથી મોટું પ્રાણી છે અને તેના માથા સાથે શરીરની લંબાઈ ૧૦૦૦ થી ૧૬૦૦ મી.મી. સુધીનું પૂંછડી ૩૫૦ થી ૫૬૦ મી.મી. સુધીની હોય છે.

૫. વરુ ૮ કિ.મી./કલાકની ગતિથી ચાલે છે અને ૫૫ થી ૭૦ કિ.મી. / કલાકની ગતિથી દોડી શકે છે અને આ ગતિ તે ૨૦ મિનિટ સુધી જાળવી શકે છે.

૬. સ્લોથ બીયરના માથા સાથે શરીરની લંબાઈ ૧૪૦૦-૧૮૦૦ મી.મી., પૂંછડી ૧૦૦-૧૨૫ મી.મી. અને ખભા સુધીની ઊંચાઈ ૬૧૦ થી ૯૧૫ મી.મી.ની હોય છે. વજન ૫૫ થી ૧૪૫ કિ. ગ્રામ હોય છે.

**અજાયબી પમાડે તેવી હકીક્તો**

૧. જરખનાં જડબાં એટલાં મજબૂત હોય છે કે તે હાડકાંને પણ ચાવી શકે છે.

૨. વરુ ૪.૫ મી સુધીનો (૧૫ ફુટ) કૂદકો મારી શકે છે અને પાછળની દિશામાં પણ કૂદકો મારી શકે છે.

૩. સસ્તન વર્ગનાં કુલ ૪૨૩૦ જાતનાં પ્રાણીઓ ઓળખાયેલાં છે.

૪. જંગલી કૂતરામાં ગર્ભધારણ સમય ૭૦ દિવસનો હોય છે.

૫. સ્લોથ બેર-રીંછનો સામાન્ય ખોરાક ઉધઈ અને ફળો હોય છે.

૬. રીંછનું તાજું જન્મેલું બચ્ચું વાળરહિત હોય છે અને તેની આંખો બીડેલી હોય છે.

૭. જન્મ પછી રીંછના બચ્ચાની આંખો એક મહિના સુધી બંધ રહે છે.

૮. રીંછનો વ્યાપ હિમાલયની તળેટીથી શરૂ કરી સમગ્ર ભારતમાં છે.

૯. પશ્ચિમ હિમાલયમાં તપખીરીયા રંગનું શરીર ઉપર / વાળ ધરાવતું રીંછ બ્રાઉન બીયર છે.

૧૦. એશિયાઈ કાળું રીંછ જગતમાં સૌથી વિરલ ગણાતું પ્રાણી છે.

૧૧. મલાયન સન બીયર (રીંછ)નો આવાસ ઉત્તર-પૂર્વ ભારતનો પ્રદેશ છે.

૧૨. ભારતભરમાં ૪ પ્રકારનાં રીંછ જોવા મળે છે.

૧૩. ભારતમાંનું સૌથી નાનું રીંછ 'મલાયન સન બીયર' છે.

૧૪. ભારતમાં 'બ્રાઉન બીયર' નામનું રીંછ સૌથી વધુ ઊંચાઈએ રહેનારું રીંછ છે.

૧૫. શ્વાનકુળનું ફક્ત એક જ પ્રાણી 'બૅટ ઈયર્ડ ફોક્સ' કીટકો ઉપર નભે છે.

૧૬. આફ્રિકાના જંગલી કૂતરા જ્યારે તેનો શિકાર જીવતો હોય ત્યારે પણ ખાવાનું ચાલુ કરી શકે છે.

૧૭. કૂતરાની ઉત્ક્રાંતિ વરુમાંથી થયેલ છે.

૧૮. રીંછની ચાલને 'પ્લેન્ટિગ્રેડ' પ્રકારની ગણવામાં આવે છે.

૧૯. Spectacled bear - ચશ્મેશાહી રીંછ એક એવું રીંછ છે કે જે પૃથ્વીના ફક્ત દક્ષિણ ગોળાર્ધમાં જ જોવા મળે છે.

# વસતીવૃદ્ધિ નિયંત્રણ માટેનાં વ્યવહારું પગલાં

સંકલન : ડીઆરયુ

૧. એક બે બાળકવાળા કુટુંબની સાવત્રિક સ્વીકૃતિ માટે અદ્યતન પ્રચાર માધ્યમોનો અનેક ગણો ઉપયોગ કરી સંસ્થાઓ અને લોક આગેવાનોની મદદથી જબરજસ્ત જાગૃતિ અભિયાન
૨. ફક્ત એક બાળકવાળા કે ફક્ત બે પુત્રીવાળા નાના કુટુંબનો સ્વૈચ્છિક સ્વીકાર કરનાર બધા દંપતીઓને ઢગલાબંધ વિવિધ આકર્ષક પ્રોત્સાહનો આપતી યોજનાઓ.
૩. હવે પછી બે થી વધુ બાળક થાય તેવા દંપતીઓને કડક બીન પ્રોત્સાહનો જેમાં દબાણ અને ભ્રષ્ટાચાર ન આવી જાય તેની અનુભવ આધારિત સાવચેતી લેવાય.
૪. કાપો-છેદ વગરની સરળ પુરુષ નસબંધી સહિતની કુટુંબનિયોજનની કુદરતી અને કૃત્રિમ તમામ અગત્યની પદ્ધતિઓ અંગે સર્વ લક્ષીત દંપતીઓને ઘનિષ્ટ શિક્ષણ અને પ્રચાર.
૫. તાલીમબદ્ધ સ્વાસ્થ્યતંત્ર દ્વારા કુટુંબનિયોજન અપનાવવા ઈચ્છુક તમામ દંપતીઓને સચિત્ર સાહિત્ય સાથે સમજણ અને ગુણવત્તા સભર સમયસરની શ્રેષ્ઠ સેવાઓ અને ફોલો-અપ.
૬. કુટુંબ કલ્યાણમાં ત્રિ-સ્તરીય પંચાયતી રાજ, વિવિધ સંસ્થાઓ, લોક આગેવાનો અને લોકોની ખુદની સક્રીય ભાગીદારી-આયોજન, દેખરેખ અને અમલમાં.
૭. ગુજરાતની નવી વસતી નીતિ-૨૦૦૧ મુજબ કુટુંબ કલ્યાણ કાર્યક્રમનું સ્થાનિક કક્ષાએ વિકેન્દ્રીત આયોજન, અસરકારક અમલ, કડક મોનીટરીંગ તથા દેખરેખ.
૮. તમામ ક્ષેત્રો/વિભાગોમાં કુટુંબ નિયોજન શિક્ષણ અને સ્વીકૃતિને ટોચ અગ્રતા આપતું વાર્ષિક આયોજન કરો તેના અસરકારક અમલ માટે નીતિ વિષયક સરકારી આદેશો અને તેનું મોનીટરીંગ.
૯. બાળલગ્ન નિષેધના કાયદા મુજબ નમૂનારૂપ જેલની સજા કરી, મોટા પાયે પ્રચાર અને મોડાં લગ્ન અભિયાન દ્વારા ૧૦ વર્ષમાં સરેરાશ સ્ત્રી લગ્ન વયમાં ૩ વર્ષનો વધારો.
૧૦. કિશોરાવસ્થા (૧૩ થી ૧૯ વર્ષ)ના તરુણીઓનાં જૂથો રચી સચિત્ર સાહિત્ય અને અસરકારક માધ્યમોના ઉપયોગથી સતત પ્રજનન સ્વાસ્થ્ય શિક્ષણ-પ્રોકેટ બૂક બનાવવી.
૧૧. શાળા કોલેજના તમામ સો ટકા વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઘનિષ્ટ વસતી શિક્ષણ
૧૨. બધા જ યુવક-યુતીઓ તથા સો ટકા નવદંપતિઓને સચિત્ર સાહિત્ય તથા માધ્યમોની મદદથી પ્રજનન સ્વાસ્થ્ય અને કુટુંબ નિયોજન શિક્ષણ.
૧૩. સ્ત્રી સાક્ષરતા ૧૦૦% તથા દસ વર્ષમાં માધ્યમિક શિક્ષણ સુધીનું ૯૦% સ્ત્રી શિક્ષણ.
૧૪. જાતીય સમાનતા દીકરો-દીકરી તથા સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવ દૂર કરવા.
૧૫. મહિલા સશક્તિકરણ દ્વારા બધાં જ ક્ષેત્રોમાં સ્ત્રીને પુરુષસમોવડી બનાવવી.
૧૬. ભ્રૂણહત્યા નિષેધ, સ્ત્રીને અપાયેલ અધિકારોના અને એક કે બે જ બાળક માટેના થનાર સરકારી ઠરાવોનો અસરકારક પ્રચાર-પસાર કરી, ગામે ગામ સંમેલનો કરી, તેનો અમલ.
૧૭. આમ માનવીના જીવનની ગુણવત્તા સુધારવા સર્વાંગી વિકાસ અને આર્થિક સદ્ધરતા.

## પ્રથમ ગુજરાતી કૃતિ

☞ આત્મકથા : મારી હકીકત-નર્મદ
☞ ઈતિહાસ : ગુજરાતનો ઈતિહાસ, પ્રાણલાલ એદલજી ડોસા
☞ કાવ્યસંગ્રહ (સંપાદન) : ગુજરાતી કાવ્યદોહન, દલપતરામ (૧૮૬૨)
☞ જીવનચરિત્ર : કોલંબસનો વૃત્તાંત, પ્રાણલાલ મથુરદાસ (૧૮૫૨)
☞ નાટક : લક્ષ્મી, દલપતરામ (૧૮૫૦)
☞ પ્રબંધ : કાન્હદડે પ્રબંધ, પદ્મનાભ (૧૪૫૬)
☞ પંચાંગ : સંવત ૧૮૭૧, ગુજરાતી પંચાંગ (ઈ.સ. ૧૮૫૪માં છપાયું)
☞ બારમાસી કાવ્ય : નેમિનાથ ચતુષ્પદિકા (૧૨૪૪)
☞ નવલકથા : કરણઘેલો, નંદશંકર મહેતા (૧૮૬૬)
☞ મહાનવલ : સરસ્વતીચંદ્ર, ગોવર્ધનરામ ત્રિપાઠી
☞ મનોવિજ્ઞાન : ચિત્તશાસ્ત્ર, મણિલાલ નભુભાઈ દ્વિવેદી
☞ મુદ્રિત પુસ્તક : વિદ્યાસંગ્રહ પોથી' (૧૮૩૩)
☞ રાસ : રેવંતગિરિ રાસ (૧૨૩૧)
☞ વાચનમાળા : હોપવાચનમાળા (૧૮૫૮)

# ગુજરાતની વિશિષ્ટ વ્યક્તિઓ

| | |
|---|---|
| ✸ શ્રી કૃષ્ણ : | મહાન યુગપ્રવર્તક, ગીતાનો અમર સંદેશ આપનાર, મહાભારતના સૂત્રધાર |
| ✸ હેમચંદ્રાચાર્ય : | મોટા વિદ્વાન, 'સિદ્ધહેમ' વ્યાકરણના રચયિતા. |
| ✸ સિદ્ધરાજ જયસિંહ : | મહત્વાકાંક્ષી રાજ્યકર્તા |
| ✸ નરસિંહ મહેતા : | આધ્યાત્મિક-તત્વજ્ઞાની આદિ કવિ. |
| ✸ સ્વામી દયાનંદ : | હિંદુ ધર્મના મહાન પ્રચારક, આર્ય-સમાજના સ્થાપક |
| ✸ સ્વામી સહજાનંદ : | સ્વામિનારાયણ પંથના સ્થાપક (રામાનંદના શિષ્ય) |
| ✸ શ્રીમદ્ રાજચંદ્ર : | જૈન ધર્મના પ્રચારક (શતાવધાની) |
| ✸ વસ્તુપાળ-તેજપાળ : | આબુ ઉપર દેલવાડાના મંદિર બંધાવનાર મંત્રીઓ |
| ✸ વાલચંદ હીરાચંદ : | ભારતમાં વહાણવટાનો પાયો નાંખનાર, સિંધીયા કંપની શરૂ કરનાર. |
| ✸ સયાજીરાવ ગાયકવાડ : | કુશળ રાજ્ય વહીવટકર્તા, કેળવણીકાર, તથા વડોદરાને આદર્શ રાજ્ય બનાવનાર, અનેક સંસ્થાઓ શરૂ કરી. |
| ✸ પ્રેમાનંદ : | ડભોઈના વતની, ગુજરાતીના શ્રેષ્ઠ આખ્યાનકાર |
| ✸ નર્મદ : | સમાજસુધારણાની પ્રવૃત્તિ કરનાર. |
| ✸ દાદાભાઈ નવરોજી : | હિંદના 'દાદા' એમણે 'સ્વરાજ' શબ્દ પહેલ વહેલો ઉચ્ચાર્યો. ભારતીય (હિંદી મહાસભા) કોંગ્રેસના અગ્રણી નેતા આઝાદીની ચળવળના પ્રણેતાઓમાંના એક |
| ✸ ગાંધીજી : | યુગપુરુષ, ભારતને આઝાદી અપાવનાર રાષ્ટ્રપિતા |
| ✸ વલ્લભભાઈ પટેલ : | કુશળ શાસનકર્તા, 'લોખંડી પુરુષ', 'વિશ્વવિભૂતિ' તથા 'સરદાર' તરીકે જાણીતા થયા, ફરજિયાત શિક્ષણની પહેલ કરનાર. |
| ✸ ઠક્કરબાપા : | મૂળ નામ અમૃતલાલ ઠક્કર, હરીજનોના હીતચિંતક |
| ✸ રવિશંકર મહારાજ : | ગુજરાતના મૂક સેવક 'મૂછાળી મા' ઉપનામધારી |
| ✸ નાનાભાઈ ભટ્ટ : | ગ્રામ-લોકશાળાના પ્રણેતા |
| ✸ ભિક્ષુ અખંડાનંદ : | ગુજરાતને સસ્તી કિંમતે શિષ્ટ સાહિત્ય પૂરું પાડવાનો જબ્બર પુરુષાર્થ કરનાર મહાનુભાવ તથા 'અખંડઆનંદ'ના સ્થાપક |
| ✸ ઈન્દુલાલ યાજ્ઞિક : | 'મહાગુજરાત જનતા પરિષદ' સ્થાપી, અલગ ગુજરાત રાજ્યની માંગણી કરનાર નેતા. |
| ✸ બળવંતરાય મહેતા : | ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન તથા પંચાયતી રાજ્યના પ્રણેતા. |
| ✸ ડૉ. જીવરાજ મહેતા : | પ્રથમ મુખ્યપ્રધાન તથા ગાંધીજીના સાથી |
| ✸ શ્રી ત્રિભુવનદાસ ગજ્જર : | વડોદરામાં કલાભવન અને દવાનું કારખાનું એલેમ્બિકના સ્વપ્રદ્રષ્ટા તથા રંગ અને રસાયણ ક્ષેત્રના સંશોધક |
| ✸ ડૉ. વિક્રમભાઈ સારાભાઈ : | ખ્યાતનામ પ્રયોગશાળા 'અટિરા' અને 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના પ્રણેતા, ભારતને અણુ અને અવકાશી સંશોધન ક્ષેત્રે દુનિયામાં ચમકાવનાર મહાન આયોજક, ભારતના અણુશક્તિ પંચના પ્રમુખ હતા. |
| ✸ ડૉ. હોમી ભાભા : | ભારતના અણુશક્તિપંચના પ્રમુખ |
| ✸ ડૉ. ઉપેન્દ્ર દેસાઈ : | અમેરીકા ખાતે 'નાસા' અવકાશી ઉડ્ડયનના પ્રયોગ ક્ષેત્રે નામ મેળવનાર વૈજ્ઞાનિક |



**સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સંતરામપુર ખાતે માનનીય શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરા તથા અન્ય મહેમાનો દ્રષ્ટિગોચર થાય છે.**

અસત્યો માંહેથી, પ્રભુ પરમસત્યે તું લઈ જા.
ઊંડા અંધારેથી, પ્રભુ પરમતેજે તું લઈ જા.
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે તું નાથ લઈ જા.
તું હિણો હું છું તો, તુજ દર્શના દાન દઈ જા.
પિતા પેલો આગે, જગત વીટંતો સાગર રહે.
અને વેગે પાણી, સકળ નદીનાં તે ગમરહે.
વહો એવી રીતે, મુજ જીવનની સર્વ ઝરણી.
દયાના પુણ્યોનાં, તુંજ પ્રુભુ મહાસાગર ભણી.
થતું જે કાયાથી, ઘડી વાણીથી ઉચરૂં.
કૃતિ ઈન્દ્રીયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરૂં.
સ્વભાવે બુદ્ધીથી, શુભ-અશુભ જે કાંઈક કરૂં.
ક્ષમાદ્રષ્ટિ જો જો, તુજ ચરણમાં નાથજી ધરૂં.

Book Post

To,

મૈત્રી
(માસિક)

રવાનગી કારકુન :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર. જિ. પંચમહાલ.
ફોન અને ફેક્સ નં. (૦૨૬૭૫) ૨૨૦૦૫૯, ૨૨૦૦૯૨
Website : www.dietsantrampur.org
E-mail : diet_santrampur@yahoo.com
diet_santrampur@gujarat.gov.in